| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૫/૧૦/૨૦૨૦ | | |
| રજીસ્ટર તારીખ | ૦૫/૧૦/૨૦૨૦ | | |
| નિકાલ તારીખ | ૦૨/૦૫/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૬ | ૨૮ |

**ફોર્મ–એ**

**રાજકોટ જિલ્લાના છઠ્ઠા અધિક જિલ્લા તથા સત્ર ન્યાયાધીશશ્રી સમક્ષ,**

**મુ. રાજકોટ**

( રાજકોટ ગ્રામ્ય જસદણ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૮૧/૨૦૨૦)
ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫

**સેશન્સ કેસ નં. ૪૯/૨૦૨૦**

**આંક–૭૪**

**ફરિયાદી:–** **શ્રી સરકાર**

ફરિયાદપક્ષ : વિદ્વાન પી.પી. શ્રી એસ.કે.વોરા

**–// વિરુધ્ધ //–**

**આરોપીઓ/ઓ:–**

**૧. અનીલભાઈ મનજીભાઈ મકવાણા,**
ઉ.વ.૨૦, ધંધો–મજૂરી,
રહે. લોહીયાનગર બેઠાપુલ પાસે,
ધુધલ છાત્રાલય પાસે, જસદણ.

**૨. કીરણભાઈ ભીખાભાઈ મકવાણા,**
ઉ.વ.૧૯, ધંધો–મજૂરી,
રહે. લાતી પ્લોટ, જસદણ.

**૩. સંજયભાઈ લખમણભાઈ મકવાણા,**
ઉ.વ.૨૪, ધંધો–અભ્યાસ,
રહે. લોહીયાનગર પ્રાથમીક શાળા પાસે,
જસદણ.

આરોપી નં.૧ તરફે : વિ.વકીલશ્રી ટી.એમ. ગોકાણી
આરોપી નં.૨ તરફે : એલ.એ.ડી.સી. વિ. વ.શ્રી આર.બી.મકવાણા
આરોપી નં.૩ તરફે : વિ.વકીલશ્રી આર.એમ.પટગીર

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૩/૦૨/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૩/૦૨/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૨૪/૦૪/૨૦૨૦ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૨૯/૦૧/૨૦૨૬ |
| **ચુકાદો આપ્યા તારીખ** | **૦૨/૦૫/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળાવ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીઓની વિગત

| આરોપી ઓ નો ક્રમ | આરોપીઓનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી ઓ નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se. ૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **અનીલભાઈ મનજીભાઈ મકવાણા** | ૧૭/૦૨/૨૦ | ૦૯/૦૬/૨૦ | **આઈ.પી.સી. કલમ ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪, ૧૨૦ (બી) તથા જી.પી. એક્ટ–કલમ–૧૩૫ મુજબ** | નિર્દોષ | –– | ૦૩ માસ, ૨૦ દિવસ |
| ૨. | **કીરણભાઈ ભીખાભાઈ મકવાણા** | ૧૭/૦૨/૨૦ | યુ.ટી.પી. | | નિર્દોષ | | યુ.ટી.પી |
| ૩. | **સંજયભાઈ લખમણભાઈ મકવાણા** | ૧૪/૦૨/૨૦ | ૨૨/૦૫/૨૦ | | નિર્દોષ | | ૦૩ માસ ૦૮ દિવસ |

## <u>-:: જ જ મે ન્ટ ::-</u>

**(૦૧)** આ કામના આરોપીઓ સામે હાલનો સેશન્સ કેસ નં. ૪૯/૨૦૨૦ દાખલ થયેલ છે જેની ટ્રાયલ આરોપીઓ વિરૂધ્ધ **<u>આઈ.પી.સી. કલમ- ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫</u>** મુજબના ગુના સબબની હાથ ધરવામાં આવેલ છે.

## <u>ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત ::</u>

**(૦૨)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના દિકરા કિરણ ઉર્ફે જીનીયા તથા સાહેદ જયદીપ અનીલભાઈ પરમાર રહે. જસદણ વાળા સાથે આ કામના આરોપી નં-૧ અનીલ ઉર્ફે ડી મનુભાઈ મકવાણા તથા આરોપી નં-૨ કિરણ ભિખુભાઈ મકવાણા તથા આરોપી નં-૩ સંજય લખુભાઈ મકવાણા રહે. બધા જસદણ વાળાઓને અગાઉ નાની નાની બાબતોમા અગાઉ ઝઘડાઓ થતા હોય જે ઝઘડાઓ બાબતે જે તે વખતે વડીલોની સમજાવટથી પતી જતા હોય તેમ છતાં આ કામના ત્રણેય આરોપીઓએ ફરીયાદીના દિકરા કિરણ ઉર્ફે જીનીયા સાથે દિવાળી તેમજ ઉત્તરાયણ તહેવાર વખતે પણ બોલાચાલી, ગાળાગાળી કરી ઝઘડો કરેલ હોય અને બનાવના બે દિવસ પહલા આરોપી નં-૩ ના એ ફરીયાદીના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય ત્યારબાદ આરોપી નં-૧ થી ૩ ત્રણ નાઓએ લોહીયાનગરમાં જવાના રસ્તાની બાજુમા આવેલ આંબેડકરનગરના બોર્ડ લગાડેલ સિમેન્ટના ઓટા પાસે ભેગા થઈ પુર્વ આયોજીત કાવતરુ ઘડી નક્કી કરી આરોપી નં-૧ ના એ સાહેદ જયદીપ અનીલભાઈ પરમારને શરીરે ઢીકા પાટુનો મુંઢ માર મારી ભુંડા બોલી ગાળો આપી તથા આરોપી નં-૨ નાએ ફરીના દિકરા કિરણ ઉર્ફે જીનીયાને ધારદાર છરી વડે પીઠની પાછળ જમણી બાજુ વાંસાના ભાગે એક ઘા મારી ગંભીર ઈજા કરી મોત નીપજાવેલ હોય તેમજ આરોપી નં-૩ નાએ ફરીના દિકરાને અગાઉ જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ ગુન્હાહીત કાવતરુ રચી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી મ્હે. જીલ્લા મેજી.સા. રાજકોટના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય હાલના આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે રાજકોટ

ગ્રામ્યના જસદણ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૮૧/૨૦૨૦ અન્વયે ઈ.પી.કોડ કલમ–૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો દાખલ થયેલ.

## <u>તહોમતનામુ તથા આરોપીઓની પ્લી :–</u>

**(૦૩)** સદર કેસ દાખલ થતા આ કામે આરોપીઓને સમન્સ, વોરંટ કરતા આરોપીઓ અદાલતમાં હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સ વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ હોવાની ખાત્રી થતા, આ કામે આરોપીઓ વિરૂદ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલા પુરતા પુરાવાઓ હોવાથી આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત ગુનાઓ અન્વયે કોર્ટ દ્વારા આંક–૩૬ થી તહોમતનામુ ફરમાવેલ જે તહોમતનામુ આરોપીઓને વાંચી સંભળાવી આરોપીઓનું આંક–૩૭ થી ૩૯ સુધી નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ જેથી આરોપીઓ સામે તહોમતનામા મુજબના ગુના સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે અને આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૦૪)** આ કામમાં પ્રોસીક્યુશન તરફે આરોપીઓએ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>ફોર્મ–સી</u>**
**<u>ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો</u>**

| ફરી. પક્ષે સાહેદ (PW) નં. | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | **૪૦** | અશોકભાઈ પીઠાભાઈ બથવારની જુબાની | મરણજનારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ |
| ૦૨ | **૬૧** | ડો. જેની હિતેષભાઈ ગોરવાડીયાની જુબાની | મેડીકલ ઓફીસર– મરણજનાર |

| | | | |
|---|---|---|---|
| | | | ની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર |
| ૦૩ | **૬૮** | રમેશભાઈ ગોરધનભાઈ પરમારની જુબાની | બનાવની ફરિયાદ આપનાર **ફરિયાદી**– મરણજનારના પિતા |
| ૦૪ | **૭૩** | કાળુભાઈ નનકુભાઈ ખાચરની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચ |
| ૦૫ | **૭૫** | દીલીપભાઈ હરજીભાઈ મજીકીયાની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચ |
| ૦૬ | **૭૬** | પરેશભાઈ બાબુલાલ ચાવડાની જુબાની | એફ.એસ. એલ. અધિકારી |
| ૦૭ | **૭૮** | જયદીપ અનીલભાઈ પરમારની જુબાની | સાહેદ |
| ૦૮ | **૭૯** | ખીહરસિંહ રામસિંહ રાવતની જુબાની | ત.ક. અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૦૧ | **૪૧** | થી ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૦૨ | **૬૨** | થી મરણજનારનું પી.એમ. કરવા માટેની અસલ યાદી |
| ૦૩ | **૬૩** | થી મરણોત્તર ફોર્મની નકલ |
| ૦૪ | **૬૪** | થી અસલ પી.એમ. નોટ |
| ૦૫ | **૬૯** | થી અસલ ફરિયાદ |
| ૦૬ | **૭૪** | થી ડિસ્કવરી પંચનામુ |
| ૦૭ | **૭૭** | થી સ્થળ પરીક્ષણ રીપોર્ટ |
| ૦૮ | **૮૦** | થી ગુનો રજીસ્ટર કરવા અંગેની યાદી |
| ૦૯ | **૮૧** | થી તપાસ સોંપણીનો ડેપ્યુટ હુકમ |
| ૧૦ | **૮૨** | થી સ્થાનિક જગ્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| ૧૧ | **૮૩** | થી આરોપી સંજયભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ |
| ૧૨ | **૮૪, ૮૫** | થી ઝડતી પંચનામાઓ |
| ૧૩ | **૮૬** | થી આરોપી કીરણભાઈ ભીખાભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ |
| ૧૪ | **૮૭** | થી આરોપી અનીલભાઈ મકવાણાની અટક કર્યાની જાણ કર્યાનું પંચનામુ |
| ૧૫ | **૮૮** | થી આરોપી કીરણ ભીખાભાઈ મકવાણાની અટક કર્યાની જાણ કર્યાનું પંચનામુ |
| ૧૬ | **૮૯, ૯૦** | થી આરોપીઓના લોહીના નમુના લેવા માટે કરેલ યાદી |
| ૧૭ | **૯૧** | થી મુદ્દામાલ રવાનગી પત્ર |
| ૧૮ | **૯૨** | થી મુદ્દામાલ એફ.એસ.એલ. રાજકોટને મળી ગયા અંગેની પહોંચ |
| ૧૯ | **૯૩** | થી સીરોલોજી રીપોર્ટ |

**(૦૫)** આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક-૯૬ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરાવો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

## <u>આરોપીઓનું વિશેષ નિવેદન :-</u>

**(૦૬)** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ (બી.એન.એસ.એસ. કલમ-૩૫૧) મુજબ આરોપીઓનું પ્રશ્નોત્તરી સ્વરૂપે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેને તેની વિરૂદ્ધનો પુરાવો વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ હોવાની અને પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાની હકીકતો જણાવેલ છે. વિશેષમાં આરોપીઓએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદો તપાસેલા નથી.

**(૦૭)** આ કામે ફરિયાદપક્ષે વિ. ડી.જી.પી.શ્રી એસ.કે.વોરાની જ્યારે આરોપી નં.૧ તરફે વિ.વકીલશ્રી ટી.એમ. ગોકાણી, આરોપી નં.૨ તરફે એલ.એ.ડી.સી. વિ. વ.શ્રી આર.બી.મકવાણા તેમજ આરોપી નં.૩ તરફે

વિ.વકીલશ્રી આર.એમ.પટગીર નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭.૧)** ફરિયાદ પક્ષે વિ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે આ કામના આરોપી નં–(૧) અનીલ ઉર્ફે ડી મનુભાઇ મકવાણા, આરોપી નં–(૨) કિરણ ભિખુભાઇ મકવાણા તથા આરોપી નં–(૩) સંજય લખુભાઇ મકવાણા રહે. તમામ જસદણ વાળાઓએ અગાઉના ઝઘડાઓનો ખાર રાખી બનાવના બે દિવસ પહેલા આરોપી નં–(૩) નાએ ફરિયાદીના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને અને તે ધમકીને અંજામ આપવાના બદઈરાદે તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ બપોરના કલાક ૧૫–૫૦ ના અરસામાં લોહીયાનગર જવાના રસ્તા પાસે આવેલ આંબેડકરનગરના બોર્ડ લગાડેલ સિમેન્ટના ઓટા પાસે પૂર્વ આયોજીત ગુન્હાહીત કાવતરું રચી, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ગેરકાયદે મંડળી રચી, સાહેદ જયદીપ અનીલભાઇ પરમારને ભૂંડી ગાળો આપી શરીરે ઢીકા–પાટુનો મુંઢ માર મારી તેમજ ફરિયાદીના દિકરા અને ભોગબનનાર કિરણ ઉર્ફે જીનીયાને પકડી રાખી આરોપી નં–(૨) એ પોતાના હાથમાંના ધારદાર હથિયાર છરી વડે ભોગબનનારને પીઠની પાછળ જમણી બાજુ વાંસાના ભાગે જીવલેણ ઘા મારી, શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું મોત નીપજાવી, એકબીજાની મદદગારીમાં રહી માનવ હત્યા જેવો જઘન્ય અપરાધ કરેલ છે. આ કામે આંક–૬૪ થી રજુ થયેલ પી.એમ. નોટમાં મૃત્યુના કારણમાં "સ્ટેબ ઈન્જરી" દર્શાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે બનાવના પાંચ વર્ષ બાદ જુબાની નોંધવામાં આવેલ હોય તે સંજોગોમાં સાહેદોની જુબાનીમાં નજીવુ વેરીએશન આવી શકે અને તેટલા માત્રથી સાહેદોની જુબાનીને શંકાસ્પદ ગણી શકાય નહીં. આ કામે બનાવ નજરે જોનાર સાહેદ જયદીપને પણ એજ બનાવમાં ઈજા થયેલ છે જે બનાવમાં મરણજનારને છરીથી ઈજા થયેલી છે. આ કામને મરણજનારને જે જગ્યાએ છરીના ઘા મારવામાં આવેલા અને ત્યાંથી ભાગીને જ્યાં ગયેલા ત્યાંથી લોહી મળી આવેલ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ PW–7 જયદીપ અનીલભાઈ પરમાર કે જે બનાવ નજરે જોનાર સાહેદ છે અને તે સંજોગોમાં આ સાહેદનો પુરાવો સ્વાભાવિક પુરાવો છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે આરોપી નં.૨ નાએ

મરણજનારને છરી વડે પીઠના ભાગે ઘા મારેલો હતો અને આરોપી નં.૧ એ તેને માર મારેલો. વધુમાં આ સાહેદની જુબાની બનાવના લગભગ પાંચ વર્ષ બાદ નોંધવામાં આવેલી હોય તે સંજોગોમાં તેની જુબાનીમાં નજીવુ વેરીએશન આવે તે સ્વાભાવિક છે અને માત્ર તેટલા કારણથી તેની જુબાની શંકાસ્પદ માની શકાય નહીં. વધુમાં આ કામે સાહેદોની જુબાની પરથી આરોપીનો મોટીવ પણ પુરવાર થયેલ છે. બનાવના પહેલા દિવાળી તથા ઉત્તરાયણના પ્રસંગે બંને પક્ષો વચ્ચે ઝઘડાઓ થયેલા હતા તથા બનાવના બે દિવસ પહેલા આરોપી નં.૩ દ્વારા મરણજનારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલી હતી. તે સંજોગોમાં આ ઝઘડાઓનો ખાર રાખીને હાલના બનાવને આરોપી દ્વારા અંજામ આપવામાં આવેલો છે તે હકીકત સ્પષ્ટ પુરવાર થાય છે. વધુમાં એફ.એસ.એલ. અધિકારીના પુરાવા મુજબ બનાવ સ્થળ તથા નજીકની જગ્યાઓ પરથી લોહીના ડાઘ મળી આવેલ છે. વધુમાં એ હકીકત પણ પુરવાર થયેલ છે કે, ત્રણેય આરોપીઓએ મળીને આ ગુન્હો કરેલો છે. એકે મરણજનારને પકડી રાખેલો હતો બીજા આરોપીએ છરી વડે ઘા મારેલો અને ત્રીજા આરોપીએ અગાઉથી ધમકી આપેલી હતી તથા ગુનો કરવામાં મદદગારી કરેલી હતી. આથી આરોપીઓ વચ્ચે પૂર્વ આયોજિત ગુન્હાહીત કાવતરું તથા સામાન્ય ઈરાદો સ્પષ્ટપણે સાબિત થાય છે. વધુમાં બચાવપક્ષે પોતાના બચાવમાં એવી દલીલ કરેલી છે કે પંચસાહેદો ફરી ગયેલા છે પરંતુ કાયદાનો સ્પષ્ટ સિદ્ધાંત છે કે માત્ર પંચસાહેદો હોસ્ટાઈલ થઈ જાય તેટલા માત્રથી સમગ્ર કેસને ફગાવી શકાય નહીં, ખાસ કરીને જ્યારે રેકર્ડ ઉપર અન્ય મજબૂત પુરાવા ઉપલબ્ધ હોય. તેવી જ રીતે ખીમીયુક્ત તપાસનો લાભ પણ આરોપીને મળી શકે નહીં, જો મુખ્ય પુરાવો વિશ્વસનીય હોય. વધુમાં આ કેસમાં એક ઈજાગ્રસ્ત નજરે જોનાર સાહેદ, મેડિકલ પુરાવો, મોટીવ તથા પરિસ્થિતિજન્ય પુરાવાઓ મળીને પુરાવાની એક સંપૂર્ણ અને અખંડિત સાંકળ બનાવે છે, જે આરોપીઓની સંડોવણીને નિઃશંકપણે સાબિત કરે છે. ફોજદારી કાયદાના સિદ્ધાંતો મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરેલો છે. આ તમામ સાંયોગીક પુરાવાઓની અખંડિત સાંકળ તેમજ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તે સંજોગોમાં આરોપીઓ સામે

ગુનો પુરવાર થતો હોય આરોપીઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

**(૭.૨)** જ્યારે બચાવ પક્ષે તરફે આરોપી નં.૧ તરફે વિ.વકીલશ્રી ટી.એમ. ગોકાણી, આરોપી નં.૨ તરફે એલ.એ.ડી.સી. વિ. વ.શ્રી આર.બી.મકવાણા તેમજ આરોપી નં.૩ તરફે વિ.વકીલશ્રી આર.એમ.પટગીર નાઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ પરંતુ રેકર્ડ ઉપર રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા હાલના કેસમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો ગંભીર આક્ષેપ શંકાથી પર પુરવાર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. હાલના કેસમાં રેકર્ડ ઉપરનો મૌખિક પુરાવો જોતા ગંભીર શંકાઓ ઉભી થાય છે અને તે સંજોગોમાં આરોપીઓને શંકાનો લાભ મળવો જોઈએ. આ કામે ફરિયાદપક્ષે મુખ્યત્વે ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર સાહેદ PW–7 જયદીપના પુરાવા પર આધાર રાખેલ છે. ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ આ સાહેદ બનાવ નજરે જોનાર તેમજ ઈજા પામનાર સાહેદ છે. પરંતુ આ સાહેદનો પુરાવો વિશ્વસનીય ગણાવી શકાય એવો જણાઈ આવતો નથી. આ સાહેદની જુબાની જોતા જુબાનીમાં અનેક મહત્વપૂર્ણ હકીકતોનો ઉમરો કરેલ છે એટલેકે મહત્વનું ઈમ્પ્રુવમેન્ટ કરેલ છે અને એવી હકીકતો કોર્ટ રૂબરૂ જણાવેલ છે જે તેમણે પોલીસ નિવેદનમાં જણાવેલી નથી. આ પ્રકારનું ઈમ્પ્રુવમેન્ટ શંકા ઉભી કરે છે. વધુમાં, આ સાહેદે સ્વીકારેલ છે કે બનાવના દિવસે તે આઈ.ટી.આઈ. કોલેજમાં હાજર હતો, જે દર્શાવે છે કે તેની બનાવ સ્થળે હાજરી શંકાસ્પદ છે. વધુમાં, આ સાહેદે કોર્ટમાં બતાવવામાં આવેલ મુદામાલ છરીને ઓળખી બતાવેલ નથી જણાવેલ છે કે આ તે છરી નથી જેનાથી મરણજનારને ઈજા પહોંચાડવામાં આવેલી હતી. તે સંજોગોમાં જો આરોપી દ્વારા ઉપયોગમાં લેવાયેલ હથિયાર જ સાબીત ન થાય તો આરોપીઓ સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થયેલો ગણાવી શકાય નહીં. વધુમાં ફરિયાદી PW–3 નો પુરાવો પણ આ કેસમાં કોઈ મદદરૂપ બનતો નથી. તેમણે પોતે સ્વીકારેલ છે કે તેઓ બનાવ સમયે સ્થળ પર હાજર નહોતા અને તેમને સમગ્ર બનાવ અંગે વાતો વાતથી જાણ થયેલી. આથી આ સાહેદ હીયર–સે સાહેદ છે. વધુમાં

તેમણે એ પણ સ્વીકારેલ છે કે તેમણે પોલીસ દ્વારા તૈયાર કરેલા કાગળોમાં સહી કરેલી હતી. વધુમાં આ કેસમાં પંચસાહેદો પણ ફરિયાદપક્ષને સમર્થન આપતા નથી. ડિસ્કવરી પંચનામાના બંને પંચસાહેદો ફરી ગયેલા છે અને પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આથી આરોપી પાસેથી હથિયાર કબજે થયેલાની હકીકત પણ સ્વતંત્ર રીતે પુરવાર થતી નથી. તપાસ અધિકારીના પુરાવામાં પણ ગંભીર ખામીઓ છે. તેમણે સ્વીકારેલ છે કે કોલ ડિટેઈલ્સ મુજબ આરોપી નં.૧ બનાવ સમયે ચોટીલા ખાતે હતો, જે સ્થળ જસદણથી દૂર આવેલ છે અને ત્યાંથી બનાવ સ્થળે પહોંચવામાં લાંબો સમય લાગે છે. તેમ છતાં આ મહત્વપૂર્ણ પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં, બનાવ અંગે શરૂઆતમાં પોલીસને મળેલી માહિતી મુજબ અજાણ્યા માણસો વચ્ચે મારામારીમાં મૃત્યુ થયેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે. ત્યારબાદની ફરિયાદમાં સંપૂર્ણપણે અલગ જ વર્ઝન રજૂ કરવામાં આવેલ છે. આ બે અલગ અલગ વર્ઝન ફરિયાદપક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે. વધુમાં ગુનાનો મોટીવ પુરવાર કરવામાં પણ ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. અગાઉના ઝઘડાઓ અંગે કોઈ લેખિત ફરિયાદ કે વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલો નથી. માત્ર સામાન્ય રીતે ઝઘડો થતો હતો એવો આક્ષેપ હાલના બનાવ જેવા ગંભીર પ્રકારના ગુના માટે મોટીવ પુરવાર કરવા માટે પૂરતો નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ મોટીવ પુરવાર કરી શકેલ નથી. વધુમાં સાયન્ટીફીક પુરાવા પણ આરોપીઓને સીધી રીતે ગુના સાથે જોડતા નથી. લોહીના ડાઘાઓ મળ્યા હોવા છતાં તે આરોપીઓ સાથે કેવી રીતે સંકળાય છે તે બાબતે કોઈ નિર્વિવાદ પુરાવો રજુ કરેલ નથી. હથિયારની ઓળખ પણ થયેલ નથી. ડિસ્કવરી પણ સાબિત નથી. આ રીતે જોવામાં આવે તો પરિસ્થિતિજન્ય પુરાવાની જરૂરી સાંકળ, મોટિવ, હથિયારની ડિસ્કવરી, સાયન્ટીફીક પુરાવો અને આરોપીઓની નિર્વિવાદ સંડોવણી ક્યાંય પણ પૂર્ણ થતી નથી. દરેક કડી વચ્ચે ગંભીર શંકા ઉત્પન્ન થાય છે. ફોજદારી કાયદાના સ્થાપિત સિદ્ધાંત મુજબ માત્ર શંકા, પછી ભલે તે કેટલીય મજબૂત કેમ ન હોય, તે પુરાવાનો વિકલ્પ બની શકતી નથી. જ્યારે રેકર્ડ પરથી અનેક વાજબી શંકાઓ ઊભી થાય છે ત્યારે આરોપીઓને તેનો લાભ મળવો કાયદેસર ફરજિયાત બને છે. આ પરિસ્થિતિમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે ગુનો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયું હોવાથી આરોપીઓને દોષિત

ઠરાવવાનો કોઈ કાયદેસર આધાર રહેતો નથી અને તે સંજોગોમાં આરોપીઓને સંપૂર્ણ રીતે નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ભારપૂર્વક દલીલ કરેલ છે.

બચાવપક્ષ તરફે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખી તેના ઉપર આધાર રાખેલ છે.

૧. (૨૦૨૫)૩, એસ.સી.સી.-૫૬૫, રામુ અપ્પા મહાપાતર વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૨. ૨૦૨૪-એસ.સી.સી.- ઓનલાઈન-એસ.સી.-૨૦૩, શૈલેષકુમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.(હાલ ઉત્તરાખંડ)

**(૦૮)** આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧:-** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે મરણજનાર કીરણ ઉર્ફે જીનીયાનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિ પણ સાપરાધ મનુષ્યવધ (હોમીસાઈડલ ડેથ) હતો?

**મુદ્દા નં.૨:-** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી નં-(૧) અનીલ ઉર્ફે ડી મનુભાઈ મકવાણા, આરોપી નં-(૨) કિરણ ભિખુભાઈ મકવાણા તથા આરોપી નં-(૩) સંજય લખુભાઈ મકવાણા રહે. તમામ જસદણ વાળાઓએ અગાઉ દિવાળી તથા ઉત્તરાયણના તહેવારો દરમિયાન થયેલ બોલાચાલી અને ગાળાગાળીના મનદુઃખનું વેર રાખી, બનાવના બે દિવસ પૂર્વે આરોપી નં-(૩) એ ફરિયાદીના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને તે ધમકીને અંજામ આપવાના બદઈરાદે તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ બપોરના કલાક ૧૫-૫૦ ના અરસામાં લોહીયાનગર જવાના રસ્તા પાસે આવેલ આંબેડકરનગરના બોર્ડ લગાડેલ સિમેન્ટના ઓટા પાસે પૂર્વ આયોજીત ગુન્હાહીત કાવતરું રચી, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ગેરકાયદે મંડળી રચી,

સાહેદ જયદીપ અનીલભાઈ પરમારને ભૂંડી ગાળો આપી શરીરે ઢીકા–પાટુનો મુંઢ માર મારી તેમજ ફરિયાદીના દિકરા અને ભોગબનનાર કિરણ ઉર્ફે જીનીયાને પકડી રાખી આરોપી નં–(૨) એ પોતાના હાથમાંના ધારદાર હથિયાર છરી વડે ભોગબનનારને પીઠની પાછળ જમણી બાજુ વાંસાના ભાગે જીવલેણ ઘા મારી, શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું મોત નીપજાવી, એકબીજાની મદદગારીમાં રહી ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૩:–** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં અને તેની જાણ આ કામના આરોપીઓને હોવા છતાં આ કામના આરોપીઓઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયાર છરી ધારણ કરી તેનો ઉપયોગ મરણજનારને મહાવ્યથા પહોંચાડી તેનું મોત નીપજાવવામાં કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી **જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૪:–** શું હુકમ ?

**(૦૯)** આ કેસમાં ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:– હકારમાં.**
**મુદ્દા નં.૨:– નકારમાં**
**મુદ્દા નં.૩:– નકારમાં**
**મુદ્દા નં.૪:– આખરી હુકમ મુજબ**

(૧૦) ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

## ::– કા ર ણો ::–

(૧૧) ફરિયાદપક્ષ દ્વારા મુદ્દા નં.૧ તથા ૨ ની હકીકતો સાબીત કરવા માટે ફરિયાદ પક્ષ તરફે કુલ–૦૮ સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે તેમજ કુલ–૧૯ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલા છે.

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા::–</u>**

(૧૨) આ કામના આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમતનામામાં જણાવ્યા મુજબના આક્ષેપો ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેનો નિર્ણય કરવા માટે સૌપ્રથમ મરણજનાર કીરણ ઉર્ફે જીનીયાનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિ પરંતુ, સાપરાધ મનુષ્યવધ (હોમીસાઈડલ ડેથ) હતુ તેનો નિર્ણય કરવા માટે મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કે જે આંક–૪૧ થી રજુ થયેલ છે તે તેમજ મરણજનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો તેમજ તેઓએ તેમની જુબાની દરમ્યાન રજુ કરેલ મરણજનારની પી.એમ. નોટ તે અગત્યનો પુરાવો ગણી શકાય.

ઉપરોકત હકીકત પુરવાર કરવા માટે આ કામે આંક–૪૧ નું મરણજનારનું ઈન્કવેસ્ટ પંનચામુ જોતા લાશના ખભાના ભાગે ઘા છે તેમાંથી બ્લડ વહે છે, ખભાના પાછળના ભાગે શર્ટમાં પાંચ સે.મી.નો ચીરો છે તેમજ શર્ટમાં લોહીના ભીના ડાઘ જોવામાં આવેલ છે. તેમજ શરીરના જમણા ખભાના ભાગે ૨.૫ સે.મી. લાંબો અને ૨ સે.મી. પહોળો અને આશરે ૨ સે.મી. ઉંડો ઈજાનો ઘા જોવામાં આવેલ છે અને આ લાશ સાહેદ ગોરધનભાઈ પુંજાભાઈ પરમારે તેમના દિકરાની હોવાનું ઓળખી બતાવેલ છે.

વધુમાં ફરીયાદ પક્ષે મરણજનાર કીરણ ઉર્ફે જીનીયાની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર **PW–2 સાહેદ ડોક્ટર જેની હીતેષભાઈ ગોરવાડીયાને આંક–૬૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓની જુબાની પરથી મુખ્યત્વે એવી હકીકત જણાઈ આવેલ છે કે, તેમને મરણજનાર કિરણભાઈ રમેશભાઈ પરમારનું શબ પરીક્ષણ કરવાની યાદી મળતા

તેમણે મરણજનારનું શબપરીક્ષણ કરેલ છે. મરણજનારના શરીર પર "ભોંકાયેલો ઘા" જોવા મળેલ હતો, જેની સાઈઝ ૨.૫ સે.મી. x ૨ સે.મી. x ૫ સે.મી. જેટલી ઉંડી હતી. ડોક્ટરે વધુમાં જણાવેલ છે કે **આ ઈજા ચપ્પુ જેવા ધારદાર તીક્ષ્ણ હથિયારથી થઈ શકે તેમ છે**. આ દર્શાવે છે કે ઈજા આકસ્મિક નથી પણ કોઈના દ્વારા કરવામાં આવી છે. વધુમાં ઈજા શરીરના પાછળના ભાગે, જમણા ખભાની પાછળ અને વાંસામાં જમણા ફેફસા પાસે આવેલી હતી. આંતરિક તપાસમાં જમણા ફેફસામાં ચીરો અને હૃદયના આવરણમાં લોહી ભરાયેલું જોવા મળેલ હતુ. લાશના પીઠના ભાગે આવો ઉંડો ઘા મરણજનાર પોતે પોતાની જાતે કરી શકે નહીં, તે સંજોગોમાં મરણજનારનું મૃત્યુ સ્પષ્ટપણે 'હોમીસાઈડ' હોવાનું જણાઈ આવે છે. વધુમાં ડોક્ટરના અભિપ્રાય મુજબ, મૃત્યુનું મુખ્ય કારણ "ભોકાયેલા ઘા ના કારણે ફેફસામાં થયેલી ઈજાથી વધારે પડતું લોહી વહી જવાથી શોકમાં જવાથી" થયેલ છે. આ ડોક્ટરે પુરાવામાં સ્વીકારેલ છે કે આ ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવી શકે તેવી ગંભીર પ્રકારની હતી. વધુમાં સાહેદે જણાવેલ છે કે આ ઈજા મૃત્યુ પામ્યા પહેલા થયેલી હતી, જે દર્શાવે છે કે હુમલાને કારણે જ મૃત્યુ નીપજ્યું છે. હોજરીમાં રહેલા ૧૦૦ એમ.એલ. પચી ગયેલ ખોરાકના આધારે મૃત્યુ ખોરાક લીધાના ૪ થી ૫ કલાકમાં થયું હોવાનું જણાય છે, જે ફરિયાદપક્ષની બનાવના સમયની હકીકતને વધારે મજબૂત કરે છે. આમ, PW–2 ડોક્ટરની જુબાની, ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો અને મેડિકલ પુરાવા એટલેકે પી.એમ. નોટ આંક–૬૪ પરથી સાબિત થાય છે કે મરણજનાર કિરણભાઈનું મૃત્યુ કુદરતી નથી, પરંતુ કોઈ ધારદાર હથિયાર વડે શરીરના મહત્વના અંગ ફેફસા પર કરવામાં આવેલા ગંભીર હુમલાને કારણે થયેલું 'હોમીસાઈડલ ડેથ' એટલેકે મનુષ્ય વધ છે. વધુમાં આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ મરણજનારના શરીર પર થયેલી ઈજા સામાન્ય પ્રકારની હતી તેનો ઈન્કાર કરેલો છે. આમ પંચનામુ તેમજ ડોક્ટરશ્રીની જુબાનીના પુરાવાનું મૂલ્યાંકન એકસાથે કરવાથી સ્પષ્ટ થાય છે કે, મરણજનાર કીરણ ઉર્ફે જીનીયાનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિં પરંતુ, સાપરાધ મનુષ્યવધ હતુ તેવું માનવાને કારણ રહે છે, જેથી **મુદ્દા નં.૧ નો નિર્ણય "હકારમાં"** આપુ છું.

**<u>મુદ્દા નં.૨ તથા ૩ ની ચર્ચા::–</u>**

**(૧૩)** આ મુદ્દાઓના સંદર્ભમાં ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબનો ગુનો કરેલાનું તહોમત છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના ગુનાને કામે આરોપીઓ સામે કેસ ચલાવતી વખતે સર્વપ્રથમ ફરિયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે (૧) સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો છે (૨) તે આરોપીઓએ કોઈ કૃત્ય કર્યુ હોય (૩) જેના કારણસર ભોગ બનનારનું મૃત્યુ નીપજયું હોય (અહીં કૃત્યની વ્યાખ્યામાં કાર્યલોપનો પણ સમાવેશ થાય છે.) (૪) તે કૃત્ય આરોપીઓએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા એવા જ્ઞાન સાથે કે જે શારીરિક ઈજા પહોંચાડવામાં આવી છે તેનાથી મૃત્યુ નીપજવાનો સંભવ છે, અને તે શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય (૫) કૃત્ય કરનાર આરોપીઓએ જે ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા પુરતી છે.

ત્યારબાદ અદાલતે રેકર્ડ ઉપરનો પુરાવો જોઈ ધ્યાને લેવુ જોઈએ કે, (૬) આરોપીઓ દ્વારા કરવામાં આવેલ કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈપણ અપવાદમાં પડે છે કે કેમ ? તે સિવાય જો આરોપીઓએ કોઈ ચોકકસ અપવાદનો બચાવ લીધો હોય તો તે ધ્યાને લેવાનું રહે છે (૭) જો આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં ન પડતુ હોય તો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય અને આરોપીઓને ઈ.પી.કો. કલમ ૩૦૨ અન્વયે સજા કરી શકાય. (૮) જો આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં પડતુ હોય તો આરોપીઓને સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહિ તેવા ગુના માટે ઈ.પી.કો. કલમ ૩૦૪ ની જોગવાઈ મુજબ સજા કરી શકાય.

અત્રે એ પણ નોંધવાનું જરૂરી જણાય છે કે, આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં આપવામાં આવેલ કોઈ અપવાદમાં કે સામાન્ય અપવાદમાં પડે છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપીઓ ઉપર રહે છે. આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવાની સમગ્ર જવાબદારી નિઃશંકપણે તમામ શંકાથી પર પુરવાર કરવાની ફરિયાદ પક્ષ ઉપર રહે છે. આ બોજો કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. આરોપીઓનો કેસ કોઈ અપવાદમાં પડતો નથી, તે

હકીકત ફરિયાદપક્ષે નકારાત્મક રીતે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ જો ફરિયાદ પક્ષ આરોપીઓ સામે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય તેનો પુરાવો નિઃશંકપણે સાભિત કરી શકે ત્યારે અપવાદના સંજોગો ન હતા તેવુ અનુમાન કરવાનું અદાલતને રહે છે અને આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષની છે, અને તે પુરાવાનો પ્રકાર ફરિયાદ પક્ષ જેટલી નિ:શંકપણે પુરવાર કરવાની માત્રાની અપેક્ષા કરતા ઓછી રહે છે. બચાવ પક્ષે માત્ર સંભાવના અને શક્યતા દર્શાવી ફરિયાદ પક્ષના કેસ સામે પ્રશ્નાર્થ ઉભો કરવાનો છે, એટલે કે બચાવ પક્ષે ફરિયાદ પક્ષનો કેસ ખોટો છે તેવું નહિ પરંતુ સાચો છે કે કેમ તે બાબતે પ્રશ્નો ઉપસ્થિત કરવાના હોય છે. આરોપીઓ ઉપર જે અપવાદ પુરવારનો બોજો છે તે સંભવીતતાના સિધ્ધાંત ઉપર છે. બચાવ પક્ષે તે બાબતે લેખિત કે મૌખિક પુરાવો આપવો તેવો કોઈ નિયમ નથી પરંતુ રેકર્ડ પરની કેસની સ્વીકારી લેવાયેલ હકીકત તેમજ નિર્વિવાદ હકીકતો જે ફરિયાદ પક્ષના પુરાવામાં આવે છે તેના ઉપરથી પણ અપવાદના સંજોગો પુરવાર કરી શકાય છે.

**(૧૩.૧)** વધુમાં એ હકીકત પણ નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ખાસ કરીને નામદાર જુદી–જુદી વડી અદાલતો અને નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદા અન્વયે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણપણે એટલે કે નિ:શંક પણે અને સચોટ પવો પુરવાર કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના જુદા–જુદા ચુકાદાઓ મુજબ અદાલતે ઘઉંમાંથી કાકરા નહીં પરંતુ કાકરામાંથી ઘઉં શોધવાના હોય છે એટલે કે, નામદાર સુપ્રિમ કોર્ટના ધ્યાન ઉપર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં કયારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપક્ષુ જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરીયાદ પક્ષના તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણપણે ફેંકી દઈ શકાય નહી કારણ કે **સત્ય એ સત્ય જ રહે છે**. એટલું જ નહી પરંતુ ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારથી ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામા સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપુર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યકિતને રાજા ન થઈ જાય અને તેજ રીતે તહોમતદાર રાજામાથી કે ગુનામાંથી છટકી ન જાય તે બાબત પણ નમ્રતાપૂર્વક ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે

ફરીયાદપક્ષના કેસમાં ઘણા બધા સાહેદઓને તપાસ્યા છે કે કેમ ? એટલે કે ફરીયાદ પક્ષના સાહેદઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરીયાદ પાના જે–જે સાહેદઓની જુબાની થઈ હોય તેની લાયકાત (quality) જોવાની હોય છે એટલે કે પુરાવાનુ મુલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને **"વીકટીમોલોજી"** એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિધ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીઓને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે.

નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ પ્રમાણે માત્ર એક સાહેદનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવા લાયક, ભરોસાપાત્ર અને વિશ્વાસ લાયક જણાઈ આવતો હોય તો તેવા એક માત્ર સાહેદની જુબાની માનીને પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય. તેવી જ રીતે ફરીયાદ પક્ષે ૪૦–૫૦ સાહેદો તપાસેલા હોય પરંતુ આવા સાહેદોનો પુરાવો માનવા લાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વાસપાત્ર જણાઈ આવતો ન હોય તો આવા ૪૦–૫૦ સાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટુંકમા દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈ તેવા પુરાવાનું ખુબજ ભારીકાઈથી વિશ્લેષણ કરી કેસનો ગુણ–દોષ ઉપર નિર્ણય કરવાનો રહે છે.

કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને લઈ ફરિયાદપક્ષ દ્વારા હાલના કામમાં જે પુરાવો રજુ કરવામાં આવેલ છે, તે પુરવાનાની ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

**<u>ફરિયાદપક્ષનો પુરાવો ::</u>**

**(૧૪)** ઉપરોક્ત **મુદ્દા નં.૨** નો નિર્ણય ધ્યાને લેતા સવાલ એ ઉપસ્થિત થાય છે કે, મરણજનારનું મૃત્યુ એ હોમીસાઈડલ ડેથ હતુ તો મરણજનારના શરીર પર થયેલ આવી ઈજાઓ કોણે, કયારે, કેવી રીતે, શેના વડે અને શા માટે કરેલી ? તે મુદ્દાના સંદર્ભમાં ફરીયાદ પક્ષનો કેસ જોવામાં આવે તો આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદીના દિકરાની હત્યા કરેલાના આક્ષેપ છે અને હાલના કામે ફરિયાદી મરણજનારના પિતા છે ફરિયાદપક્ષના

મહત્વના સાહેદ છે. તે સંજોગોમાં સૌ પ્રથમ ફરીયાદીના પુરાવાની ચર્ચા કરવી જરૂરી માનુ છું.

ફરિયાદપક્ષ તરફે **PW–3 ફરિયાદી રમેશભાઈ ગોરધનભાઈ પરમારને આંક–૬૮** થી સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, મરણજનાર કિરણ તેમનો દીકરો થતો હતો અને તેની ઉમર ૧૭ વર્ષ હતી. કિરણનું તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ અવસાન થયેલ હતું અને તેની હત્યા થયેલી હતી. આ હત્યાનો બનાવ જસદણ ખાતે લાતી પ્લોટમાં પુલના ખૂણા પાસે બન્યો હતો. તેમના દીકરાને કિરણ લક્ષ્મણભાઈ મકવાણા તથા તેની સાથેના એક બીજા વ્યક્તિએ મારેલ હતો. બનાવ સમયે એક આરોપીએ તેમના દીકરાને પકડી રાખેલ હતો અને બીજા આરોપીએ છરીનો ઘા મારેલ હતો. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ બરવાળા ગામે હતા. તેમને બનાવ અંગે ફોન આવેલો હતો, પરંતુ ફોન કોણે કરેલ હતો તે હાલ તેમને યાદ નથી. આ બનાવ બપોરના ૩:૦૦ થી ૩:૩૦ વાગ્યાની વચ્ચે બનેલ હોવાનું જણાવેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં બનાવનું કારણ જણાવતાં કહેલ છે કે તેમના કાકાના દીકરા અને આ બંને આરોપીઓ વચ્ચે લાતી પ્લોટમાં ઝગડો થયેલ હતો. આ ઝગડો તેમના દીકરાની હત્યાના બનાવના થોડા સમય પહેલા, તેજ દિવસે બનેલો હતો. તેમના કાકાના દીકરાવાળા ઝગડાના બનાવ બાદ, તેમના કાકાના દીકરાએ તેમના દીકરા કિરણને ફોન કરી બનાવ સ્થળે બોલાવેલ અને કહેલું કે "મને બચાવવા આવ". આ કારણે તેમનો દીકરો કિરણ ત્યાં ગયેલ હતો. તેમનો દીકરો કિરણ બનાવ સ્થળે પહોંચતા, આ બંને આરોપીઓએ કિરણને છરી વડે મારેલ અને તેમના કાકાના દીકરાને પણ માર મારેલ, જેથી તેમના કાકાનો દીકરો ત્યાં પડી ગયેલ. સાહેદે વધુમાં જણાવેલ છે કે તેમના દીકરા કિરણનું બનાવ સ્થળે જ મૃત્યુ થયેલ. તેઓ બરવાળા ગામથી આશરે એક કલાક બાદ બનાવ સ્થળે પહોંચેલ હતા. તે સમયે તેમના દીકરાની લાશ સિવિલ હોસ્પિટલમાં હતી અને તેઓ ત્યાં ગયેલ હતા. તેમને આ સમગ્ર બનાવ વિશે વાતો વાતથી જાણવા મળેલુ હતુ અને તેમણે બનાવ અંગે કોઈ વિગત જાતે જાણેલ નથી. તેમણે બનાવ અંગે પોલીસમાં ફરિયાદ આપેલી જે ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે ફરિયાદ આંક–૬૯ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં જણાવેલ

છે કે, બનાવના બે દિવસ પહેલા તેમના દિકરાએ તેમને કોઈ વાત કરેલી નથી.

**(૧૪.૧)** આ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન નહીં આપતા તેમને વિ.એ.પી.પી.શ્રીની વિનંતથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરતા એ હકીકત સ્વીકારેલ છે કે, તેમણે તેમની ફરીયાદમા લખાવેલ છે કે "આજથી બે દીવસ પહેલા પણ આ મારા દીકરા કિરણ ઉર્ફે જીનીયાએ મને જણાવેલ કે સંજય લખુભાઈ મકવાણાએ મને ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી જેનો ખાર રાખી આજે મારા દીકરા તેમજ જયદીપ અનીલભાઈ પરમાર સાથે બોલાચાલી ઝગડો કરી મારા દીકરા કિરણ ઉર્ફે જીનીયાને આ કીરણ ભીખુભાઈ મકવાણાએ છરી વડે પીઠની પાછળ જમણી બાજુ વાંસાના ભાગે એક ઘા મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવેલ છે તેમજ જયદીપને અનીલ મનુભાઈ મકવાણાએ ઢીકાપાટુનો મુંઢ માર મારી મુંઢ ઈજા કરેલ છે." આ જયદીપ અનીલભાઈ પરમાર તેમના કાકાનો દીકરો થાય છે. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે અનીલભાઈ પરમાર તેમનો પિતરાઈ ભાઈ થાય અને જયદીપ તેનો દીકરો થાય. તેઓ જેને તેમના કાકાનો દીકરો કહે છે તે આ જયદીપ ખરેખર તેમના દીકરાના કાકાનો દીકરો થાય. દીપક અશોકભાઈ પરમાર તેમનો કૌટુંબીક ભાઈ છે તેણે બનાવ બાબતે તેમને શું કહેલ અને તેમણે ફરીયાદમાં શુ લખાવેલ તે હાલ તેમને યાદ નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે આ દીપક પરમાર બનાવ સમયે વચ્ચે પડેલ હતા અને બધાને છુટા પાડેલ તેમ તેમણે લખાવેલ હતુ.

**(૧૪.૨)** આ સાહેદે આરોપી નં.૨ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓને આ બનાવ અંગે કોઈ અંગત જાણકારી નથી અને તેઓએ આ બનાવ પોતાની નજરે જોયેલ નથી તેમજ બનાવ વખતે કયા અજાણ્યા વ્યક્તિનો ફોન આવેલ કે તે ફોન કરનાર વ્યક્તિ કોણ હતી તેની તેમને કોઈ ખબર નથી કે પાછળથી પણ તેવી જાણકારી મળેલ નથી. તેઓએ વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવના ત્રણ દિવસ પહેલાથી તેઓ પોતાના ઘરે હાજર ન હતા પરંતુ બહારગામ હતા અને તે સમય દરમિયાન

તેઓનું પોતાના દીકરા સાથે મળવાનું થયું ન હતું. તેઓએ એ વાત પણ સ્વીકારેલ છે કે, બનાવ અંગે તેમને કયા ચોક્કસ વ્યક્તિ તરફથી જાણકારી મળી હતી તે વ્યક્તિની વિગત તેમણે પોતાની ફરિયાદમાં કે પોલીસ તપાસમાં જણાવેલ નથી. સાહેદે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવ બાદ તેમના કાકાના દીકરાએ તેમના દીકરા કિરણને ફોન કરી 'મને બચાવવા આવ' તેમ કહ્યું હતું તેવી હકીકત તેમણે ફરિયાદમાં જણાવેલ નથી. સાહેદે ઉલટ–તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આ બનાવ અગાઉ તેમના દીકરા, ભત્રીજા જયદીપ અને આરોપીઓ વચ્ચે કોઈ લડાઈ–ઝગડો કે બોલાચાલી થઈ હોય તે બાબતે જે તે વખતે કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી ન હતી. અંતમાં તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર કાગળોમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપી હતી.

**(૧૪.૩)** આમ, આ સાહેદના પુરાવા પરથી જણાઈ આવે છે કે, મરણજનારના પિતા અને ફરિયાદપક્ષના મહત્વના સાહેદ એટલેકે ખુદ ફરિયાદી હોવા છતાં તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી પરંતુ હીયર–સે સાહેદ છે. બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી. તેઓએ પ્રથમ કોર્ટમાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ પણ જે હકીકતો સ્વીકારેલ છે તે પણ ફરિયાદ આધારિત છે તેમની પોતાની અંગત જાત માહિતીના આધારે કોઈ હકીકત સ્વીકારેલ નથી. આ સાહેદની જુબાનીમાં મહત્વની ખામીઓ અને એકરૂપતા નહીં હોવાથી તેને વિશ્વસનીય પુરાવા તરીકે માન્ય રાખી શકાય તેમ નથી અને આ સાહેદની જુબાની ફરિયાદપક્ષને ખાસ મદદરૂપ બનતી નથી, પરંતુ શંકાસ્પદ બની રહેલ છે.

**(૧૫)** ફરિયાદપક્ષ તરફે **PW–1 પંચસાહેદ અશોકભાઈ પીઠાભાઈ બથવારને આંક–૪૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, પોલીસે તેમને જસદણ સીવીલ હોસ્પિટલમાં બોલાવેલા હતા. ત્યાં તેમના સમાજના એક યુવાનનું મર્ડર થયેલ હતુ જેના માટે તેઓ ત્યાં આગેવાનો ભેગા થયેલા હતા અને ત્યાં પોલીસવાળા તેમને પી.એમ. રૂમમાં લઈ ગયેલા હતા. ત્યાં એક

છોકરાનું મર્ડર થઈ ગયેલ હતુ તેની લાશ સીમેન્ટના બાંકડા પર હતી. લાશ પર લીલુ કપડુ ઓઢાડેલ હતુ. લાશનું કપડુ પોલીસે ખોલીને બતાવતા લાસના શરીર ઉપર જીન્સનું પેન્ટ અને શર્ટ પહેરેલ હતા અને તેમના આગેવાનોની હાજરીમાં લાશને ખુલ્લી કરી તેના કપડા કાઢેલા અને તેના શરીર પર જે ઘા હતા તે જોતા શરીર પર એક જ ઘા હતો. સાહેદે વધુમાં જણાવેલ છે કે આ પંચનામુ તેમની હાજરીમાં કરવામાં આવેલુ જે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ **આંક–૪૧** થી રજુ થયેલ છે.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતો જણાવેલ છે કે, સમાજના આશરે બસ્સો માણસો ભેગા થઈ ગયેલા. પી.એમ. રૂમમાં આશરે ૧૦ થી ૧૫ જણા ગયેલા. તેમની સાથે પી.એમ. રૂમમાં બીજા ક્યા આગેવાનો આવેલા તેની તેમને ખબર નથી. વધુમાં જણાવેલ છે કે, આજરોજ કોર્ટમાં બચુભાઈ કાળાભાઈ રાઠોડ, ભીમજીભાઈ કરશનભાઈ સોલંકી તેમજ વિનોદભાઈ ઉકાભાઈ પરમારનાઓ આવેલા છે તે લોકો તેમના સમાજના માણસો છે. આ ત્રણ લોકો તેમની સાથે પી.એમ. રૂમમાં હતા કે કેમ તેની તેમને ખબર નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે તેમણે જેમાં સહી કરેલી તે તમામ કાગળો પોલીસે તૈયાર કરેલા અને તેઓએ તેમાં સહી કરેલી. પોલીસ સિવાય કોઈએ કાગળો તૈયાર કરેલા હોય અને તેઓએ સહી કરેલી હોય તેવું બનેલ નથી. બચુભાઈ કાળાભાઈ રાઠોડ તેમની સાથે સહી કરવામાં ન હતા. પોલીસે તેમની અલગથી સહી કરાવેલી હોય તો તેમને ખબર નથી.

આમ, આ સાહેદના પુરાવાથી એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, આ પંચસાહેદ માત્ર હોસ્પિટલમાં બોલાવવામાં આવેલા હતા અને પંચનામામાં સહી કરેલી હોવાનું તેઓએ જણાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતો અંગે તેમને કોઈ જાતમાહિતી નથી તેમજ કાગળો પોલીસે તૈયાર કરેલ હોવાની હકીકત પણ સ્વીકારેલ છે અને હાજર કોણ હતું તે હકીકત પણ સ્પષ્ટપણે જણાવી શકતા નથી તે સંજોગોમાં આ સાહેદની જુબાની પણ વિશ્વસનીય જણાઈ આવતી નથી અને ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી નથી.

**(૧૬)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–4 પંચસાહેદ કાળુભાઈ નનકુભાઈ ખાચરને આંક–૭૩ થી તેમજ PW–5 પંચસાહેદ દીલીપભાઈ હરજીભાઈ મજીકીયાને આંક–૭૫ થી** સોગંદ ઉપર તપાસતા તેઓએ પોતાની જુબાનીમાં ડિસ્કવરી પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૭૪ થી રજુ થયેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થન નહીં આપતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ પંચસાહેદોની આરોપી પક્ષ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

આમ, ફરીયાદપક્ષે પંચનામાની હકિકતને સ્વતંત્ર પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળેલ નથી અને ફરીયાદપક્ષ પંચનામાની હકિકતો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૧૭)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–6 સાહેદ પરેશભાઈ બાબુલાલ ચાવડાને આંક–૭૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૧૩/૦૨/૨૦ ના રોજ તેઓ રાજકોટ ખાતે મો.એફ.એસ.એલ. અધીકારી તરીકે ફરજ પર હતા ત્યારે જસદણ પો.સ્ટે. ના પી.આઈ.શ્રી કે.આઈ.રાવતે તેમને તા.૧૩/૦૨/૨૦૨૦ના રોજ ૨૦.૦૦ કલાકે મોકલાવેલ યાદી મુજબ જસદણના લાતી પ્લોટ ખાતે રીક્ષા સ્ટેન્ડ પાસે બનાવવાળા સ્થળે તા.૧૪/૦૨/૨૦૨૦ના રોજ સ્થળ પરીક્ષણ અર્થે બોલાવેલ. આ યાદી મુજબ તેઓ તા.૧૪/૦૨/૨૦૨૦ના રોજ ૧૦.૪૫ કલાકે સ્થળ પર પહોંચેલ અને ૧૧.૪૫ સુધી પરીક્ષણ કરી જે રીપોર્ટ આપેલ હતો તે અસલ રીપોર્ટમાં લખેલ વિગતો તેમના હસ્તાક્ષરમાં છે તેમ જણાવી અંતમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે અસલ રીપોર્ટ આંક–૭૭ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમના પરીક્ષણ મુજબ આ જગ્યાએ શેરી નં.૧૦ ખાતે બુરહાની ટ્રેડર્સની સામેના રોડ પર આશરે ૪.૦ ફુટ દુર રતાશ પડતો ભુખરો ડાધો હતો જેમાંથી તેમણે સુચન કરી બે નમુના લેવડાવેલ આ ઉપરાંત લાતી પ્લોટ મેઈન રોડ પર મગનલાલ પટેલની દુકાનમા શેરી તરફ પડતા દરવાજાની પાસે ૬ ઈંચ ના ઘેરાવામા

થોડા નાના રતાશ પડતા ભુખરા ડાઘાઓ હતા જેમાંથી તેમણે બે નમુના લેવાનુ સુચન કરેલ હતુ.

આ સાહેદે આરોપી નં.૧ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, જે જગ્યાનું સ્થળ પરીક્ષણ કરેલ તે જગ્યા જાહેર રોડ છે અને તે જગ્યા કોઈ કોર્ડન કરેલી હતી નહીં. પરંતુ તેમણે કોઈ સ્થાનિક સ્થળ પરીક્ષણ કર્યા વગર પોલીસના કહેવા મુજબ આંક-૭૭ વાળો રીપોર્ટ ખોટી રીતે તૈયાર કરી આપેલ છે તેનો ઈન્કાર કરેલો છે.

આમ, આ સાહેદના પુરાવા પરથી એવી હકીકત જણાઈ આવે છે કે, આ સાહેદ દ્વારા સ્થળ પરથી લોહી જેવા ડાઘાના નમૂનાઓ લેવામાં આવેલા છે, જેથી ત્યાં કોઈ ઘટના બની હોવાનું જણાઈ આવે છે. પરંતુ બનાવવાળુ સ્થળ જાહેર રોડ છે અને કોર્ડન કરેલ નથી તે સંજોગોમાં નમુનાઓમાં અન્ય પદાર્થ ભળવાની શક્યતા નકારી શકાય નહીં. તેમજ આરોપીઓની સંડોવણી અંગે આ સાહેદ કંઈ જણાવી શકેલ નથી, તેથી તેમની જુબાની માત્ર પરિસ્થિતિજન્ય પુરાવા તરીકે મર્યાદિત મદદરૂપ બને છે અને સીધી રીતે આરોપી વિરૂદ્ધ આક્ષેપ પુરવાર થાય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી અને આ સાહેદની જુબાનીથી આરોપીઓની ગુનામાં સીધી સંડોવણી નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૧૮) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે **PW-7 સાહેદ જયદિપભાઈ અનીલભાઈ પરમારને આંક-૭૮** થી સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. **૧૩/૦૨/૨૦૨૦** ના રોજ તેઓ કીરણ ઉર્ફે જીમીયા સાથે જસદણ ખાતે હતા. તે દિવસે બપોરના સમયે તેઓ ઘરે હતા અને કીરણ ઉર્ફે જીમીયો આઈ.ટી.આઈ. ખાતે હતો, જ્યાં વાયરમેનનો બેઝીક કોર્ષ કરતો હતો. તે દિવસે બપોરના જમવાના સમયે તેમને કીરણનો ફોન આવેલ હતો અને તેણે આઈ.ટી.આઈ.થી પાછો જમવા માટે લઈ જવા કહ્યું હતું. તેથી તેઓ કીરણને આઈ.ટી.આઈ.થી મોટરસાયકલ પર લઈને પાછા ફરી રહ્યા હતા. આ દરમિયાન બગીચા પાસે અનિલ ઉર્ફે ડી. અને તેનો મિત્ર દીપક પરમાર હાજર હતા. તે સમયે કીરણ અને અનિલ વચ્ચે બોલાચાલી થયેલ હતી.

ત્યારબાદ તેઓ અને કીરણ બસ સ્ટેન્ડ તરફ મોટરસાયકલ પર જતા રહ્યા હતા. આ સમયે અનિલે તેના ભાઈ કીરણ મકવાણા ને ફોન કરેલ હતો. ત્યારબાદ અનિલે તેમને ફોન કરી જણાવ્યું હતું કે તમે અહીંયા એટલે કે નવા બસ સ્ટેન્ડ પાસે આવો, આપણે સમાધાન કરી લઈએ. આ સમયે તેઓ કીરણ પરમાર સાથે ઘર પાસે બેઠા હતા. તેથી તેઓ કીરણને લઈને નવા બસ સ્ટેન્ડ ગયા હતા. ત્યાં અંદરો અંદર બોલાચાલી તથા ગાળાગાળી થયેલ હતી. માણસો ભેગા થઈ જતા, તેઓ અને કીરણ ત્યાંથી નીકળી પોતાના ઘર તરફ પાછા આવી ગયા હતા. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તે દિવસે આશરે બપોરના ૨ થી ૩ વાગ્યાની વચ્ચે, તેમની અને કીરણની પાછળ અનિલ મકવાણા, તેનો ભાઈ કીરણ મકવાણા તથા દીપક પરમાર આવ્યા હતા અને ઘુઘલ છાત્રાલયે ભેગા થયા હતા. આ જગ્યાએ પણ માણસો ભેગા થઈ જતા, તેઓ લાતી પ્લોટ તરફ નીકળી ગયા હતા. ત્યાં તેઓ, કીરણ તેમજ અનિલ મકવાણા અને કીરણ મકવાણા સાથે હાજર હતા. આ જગ્યાએ બંને પક્ષો વચ્ચે વાતચીત તેમજ ગાળાગાળી થયેલ હતી. આ સમયે કીરણ મકવાણા નશામાં હતો. ગાળાગાળીના કારણે તેણે પોતાની પાસેની છરી કાઢી કીરણ પરમારને પીઠના ભાગે મારેલ હતો. ત્યારબાદ કીરણ પરમાર ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ કીરણ મકવાણા છરી લઈને તેમને મારવા માટે દોડ્યો હતો અને પેટમાં મારવાની કોશિશ કરી હતી. તેમણે છરી પકડી લેતાં તેમને જમણા હાથની આંગળીઓમાં ઈજા થઈ હતી અને આંગળીઓમાં બટકા ભરાયા હતા. આ સમયે અનિલ મકવાણાએ તેમને મોઢા પર થપ્પડ અને પાટા માર્યા હતા, જેના કારણે તેમનું મોઢું સૂજી ગયેલું હતું અને તેઓ બોલી શકતા ન હતા. તેમણે આ સમયે કીરણ મકવાણા પાસેની છરી લઈ લીધી હતી અને તે લઈને તેઓ પોતાના ઘર તરફ ભાગ્યા હતા. આથી કીરણ મકવાણા અને અનિલ મકવાણા તેમની પાછળ દોડ્યા હતા. તેથી તેમણે પોતાના હાથમાં રહેલી છરીનો ઘા કર્યો હતો અને ઘર તરફ દોડી જઈ ઘરની બહાર બેસી ગયા હતા. આ સમગ્ર વાત તેમણે પોતાના મોટા ભાઈને કરી હતી. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, જો તેમને મુદામાલમાં રહેલી છરી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે છે, તેમજ બનાવ સમયે કીરણ પરમારે પહેરેલા કપડા પણ જોઈ ઓળખી શકે છે. કીરણ મકવાણાના કપડાં હાલ તેઓ ઓળખી શકતા નથી. બનાવ સમયે કીરણ

પરમારને ઈજાઓ થતાં તે ભાગી ગયો હતો અને ત્યારબાદ બુરહાની ટ્રેડર્સની સામેની દુકાનમાં પડી ગયો હતો, તેવી માહિતી તેમને મળેલી હતી. અનિલ મકવાણા કોર્ટમાં હાજર છે અને કીરણ મકવાણા આજ રોજ નામ. કોર્ટમાં વી.સી. મારફતે હાજર છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને **મુદામાલ આર્ટિકલ નં. ૮ લખેલ કાપડની સીલબંધ બેગીનું સીલ તોડી તેની અંદરથી એક છરી કાઢી બતાવતા જણાવે છે કે, આ તે છરી ન હતી જેનાથી કીરણ પરમારને ઈજા પહોંચાડવામાં આવેલી**. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, છરીના હાથામાં ગોળ રાઉન્ડ હતુ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને મુદામાલ આર્ટિકલ નં. ૧ લખેલ કાપડની સીલબંધ બેગમાંથી એક જીન્સનું પેન્ટ અને શર્ટ કાઢી બતાવવામાં આવતા તેને તેમણે ઓળખી બતાવી અને જણાવેલ કે આ બંને કપડાં બનાવના દિવસે કીરણ પરમારે પહેરેલા હતા. વધુમાં જણાવેલ છે કે, તેમને ત્રણેય આરોપીઓએ બનાવ સમયે પહેરેલા કપડા બતાવવામાં આવે તો હાલ તેઓ ઓળખી શકે નહીં.

આ સાહેદે આરોપી નં.૧ તરફેની ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે, સને ૨૦૨૦ની સાલમાં તેઓ આઈ.ટી.આઈ. જસદણ ખાતે વાયરમેનના કોર્સમાં અભ્યાસ કરતા હતા અને કોલેજનો સમય સવારે ૦૮:૩૦ થી સાંજે ૧૭:૩૦ કલાક સુધીનો હતો. કોલેજમાં હાજરી પત્રક રાખવામાં આવે છે અને હાજર રહે ત્યારે તેમાં સહી કરે છે; જે મુજબ તા. ૦૪/૦૨/૨૦૨૦ થી તા. ૧૩/૦૨/૨૦૨૦ સુધીના દિવસોમાં તેઓ કોલેજમાં હાજર હોવા સંબંધે હાજરી પત્રકમાં પોતાની સહી હોવાની હકીકત સ્વીકારેલ છે. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, આરોપી અનિલ, કિરણ અને દીપક પરમાર તેમના ગામમાં વર્ષોથી રહેતા હોય તેઓને ઓળખે છે અને અનિલ મકવાણાનું ઘર ઘુઘલ છાત્રાલય પાસે આવેલ છે. સાહેદે વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેમની પૂછપરછ કરી ત્યારે તેમની સાથે તેમના પિતા અને અન્ય પરિવારજનો હાજર હતા અને પોલીસે જે વિગતો નોંધી તેમાં તેમની સહી પણ કરાવેલી હતી. તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેમણે પોલીસ રૂબરૂ જે હકીકત લખાવેલ કે પોલીસે જે નોંધેલ તે સંદર્ભે તેમણે આજદિન સુધી કોઈ ફરિયાદ કરેલ નથી. તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમણે પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં નીચે મુજબની

કોઈ વિગતો લખાવેલ નથી, જેમાં– બનાવના દિવસે બપોરે કિરણ ઉર્ફે જીમીયાનો ફોન આવતા તેને આઈ.ટી.આઈ.થી જમવા માટે મોટરસાયકલ પર લેવા ગયા હતા અને બગીચા પાસે આરોપીઓ સાથે બોલાચાલી થયેલ. તેમજ આરોપી અનિલે સમાધાન માટે નવા બસ સ્ટેન્ડ પાસે બોલાવેલ અને ત્યાં પણ બોલાચાલી થયેલ, બપોરે ૨ થી ૩ વાગ્યા દરમિયાન આરોપીઓએ પીછો કરેલ અને ઘુઘલ છાત્રાલય પાસે ભેગા થયેલ, આરોપી કિરણ મકવાણા નશામાં હતો અને તેણે છરી કાઢી કિરણ પરમારને પીઠના ભાગે મારેલ ત્યારબાદ આરોપીએ સાહેદને છરી મારવાની કોશિશ કરેલ, સાહેદે છરી પકડી લેતા હાથમાં ઈજા થયેલી અને આરોપીએ આંગળામાં બટકા ભરેલા, આરોપી અનિલે સાહેદને થપ્પડ અને પાટા મારેલ જેનાથી મોઢું સોજી ગયેલ, સાહેદએ આરોપી પાસેથી છરી લઈ લીધેલ અને તે લઈને ઘર તરફ ભાગી ગયેલ તથા આરોપીઓ પાછળ દોડેલા તેમજ સાહેદે પોતાના હાથમાં રહેલ છરીનો ઘા ફેંકીને કરેલ અને આ વાત તેમના મોટા બાને કરી હતી. આ હકીકતો તેમણે પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે પોલીસે એકજ વખત તેમનું નિવેદન નોંધેલ તે સિવાય તેમણે કોઈ નિવેદન આપેલ નહીં કે નોંધવામાં આવેલ નહીં.

આ સાહેદના પુરાવાથી જણાઈ આવે છે કે, આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ હોવા છતાં તેમની કોર્ટ સમક્ષની જુબાની અને તેમણે પોલીસ સમક્ષ આપેલા નિવેદન વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. આ સાહેદે બનાવની મહત્વની હકીકતો પોલીસ સમક્ષ પોતાના નિવેદનમાં જણાવેલી નથી અને કોર્ટમાં પ્રથમ વખત જણાવી રહ્યા છે, એટલેકે ઈમ્પ્રુવમેન્ટ કરેલ હોવાનું જણાય છે. વધુમાં, તેમણે મુદામાલ છરી પણ ઓળખી બતાવેલ નથી તે સંજોગોમાં આ સાહેદની જુબાની પણ વિશ્વસનિય જણાઈ આવતી નથી.

(૧૯) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **PW–8 ત.ક.અ. સાહેદ ખીહરસિંહ રામસિંહ રાવતને આંક–૭૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ તેઓ જસદણ પોલીસ સ્ટેશનમાં પી.આઇ.

તરીકે ફરજ પર હતા. તે સમયે આંક–૬૯ વાળી ફરિયાદ રમેશભાઈ ગોરધનભાઈ પરમાર દ્વારા પી.એસ.આઇ. એન.એચ. જોશી સમક્ષ લખાવામાં આવેલ હતી. ત્યારબાદ પી.એસ.આઇ. એન.એચ. જોશી દ્વારા પી.એસ.ઓ.ને આપવામાં આવી હતી, જેના આધારે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. જે અસલ યાદી આંક–૮૦ થી રજુ થયેલ છે. આ મુજબ પી.એસ.ઓ.એ ગુનો દાખલ કર્યા બાદ, આગળની તપાસ શ્રી એન.એચ. જોશીને સોંપવામાં આવી હતી. જે તપાસ સોંપણીનો હુકમ આંક–૮૧ થી રજૂ થયેલ છે. સાહેદે વધુમાં જણાવેલ છે કે શ્રી જોશીએ પોતાની તપાસ દરમ્યાન સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરાવી હતી અને ત્યારબાદ આગળની તપાસ તેમને સોંપવામાં આવતા, શ્રી જોશીએ તેમને ફરિયાદ, મરણોતર ફોર્મ તથા ઈન્કવેસ્ટ રીપોર્ટ સોંપી આપેલ હતા. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન તેમણે સ્થાનીક જગ્યાનું પંચનામું તૈયાર કરાવેલ હતું. તેમજ સંજયભાઈ લક્ષ્મણભાઈ મકવાણાની અટક કરેલ હતી. વધુમાં અનિલ મનુભાઈ મકવાણા તથા કીરણ ભીખાભાઈ મકવાણાના સંબંધીના ઘરે જડતી તપાસ કરેલ હતી અને કીરણ ભીખાભાઈ મકવાણાની અટક કરેલ હતી. અનિલ મનજી મકવાણાની અટક કર્યાની જાણ તથા કીરણ ભીખાભાઈ મકવાણાની અટકની જાણ કર્યાના પંચનામા પંચોના જોયા–જાણ્યા–લખાવ્યા મુજબ હકીકતોના આધારે તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં તમામ પંચોની તથા તેમની સહીઓ હતી, જે તેઓ ઓળખી બતાવે છે. આ તમામ પંચનામા જેવા કે સ્થાનિક જગ્યાનું પંચનામુ આંક–૮૨ થી, તેમજ આરોપી સંજયભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ આંક–૮૩ થી, જડતી પંચનામુ આંક–૮૪, ૮૫ થી, આરોપી કીરણભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ આંક–૮૬ થી, આરોપી અનિલભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ આંક–૮૭ થી, આરોપીકીરણ મકવાણાને અટક કર્યાનું પંચનામુ આંક–૮૮ થી રજુ થયેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૭૪ વાળા ડીસ્કવરી પંચનામા દ્વારા આરોપી કીરણ ભીખાભાઈ મકવાણાએ ગુનામાં ઉપયોગમાં લીધેલ છરી કબજે કરેલ હતી, જે અંગેના પંચનામામાં બંને પંચો તથા તેમની સહીઓ હતી. ઉપરાંત તેમણે મોબાઈલ એફ.એસ.એલ. અધિકારી પી.બી. ચાવડાને સ્થળ પર બોલાવી આંક–૭૭ વાળો અહેવાલ મેળવેલ હતો તથા આંક–૬૪ વાળો પી.એમ. રીપોર્ટ પણ

મેળવેલ હતો. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમણે આરોપી કીરણ ભીખાભાઈ મકવાણા અને અનિલ મનજી મકવાણાના લોહીના નમૂના લેવા જસદણ સરકારી હોસ્પિટલમાં યાદી કરી હતી તથા સંજય લક્ષ્મણભાઈ મકવાણાના લોહીના નમૂના લેવા પણ યાદી કરેલ હતી. આ યાદીઓ અનુક્રમે આંક–૮૯ અને ૯૦ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન મરણજનારના કપડાં તથા લોહીના નમૂના, તેમજ ત્રણેય આરોપીઓના બનાવ સમયે પહેરેલા કપડાં અને તેમના લોહીના નમૂના મેળવી લેવામાં આવ્યા હતા. ઉપરાંત ડીસ્કવરી પંચનામા હેઠળ કબજે કરેલ છરી વગેરેને પરીક્ષણ અર્થે રવાનગી પત્ર સાથે મોકલવામાં આવ્યા હતા, જે મળી ગયા બદલની પહોંચ એફ.એસ.એલ. રાજકોટ દ્ધારા આપવામાં આવી હતી. આ રવાનગી પત્ર આંક–૯૧ તથા પહોંચ આંક–૯૨ થી રજુ થયેલ છે. આંક–૯૧ વાળા પત્રના જવાબમાં એફ.એસ.એલ. રાજકોટ દ્ધારા માર્ક–૫૦/૧ વાળા પત્ર સાથે તે જ તારીખનો અહેવાલ તથા સીરોલોજી રીપોર્ટ પોલીસ સ્ટેશન તરફ મોકલવામાં આવ્યા હતા. આ પત્ર તથા તેની સાથેનો અહેવાલ અને સીરોલોજી રીપોર્ટ આંક–૯૩ થી રજુ થયેલ છે.તેમજ તેમની ઉપર મુજબની તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરવા માટે પૂરતો પુરાવો જણાતા, તેમણે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે, જેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે, તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ સને ૨૦૨૦માં જસદણ પોલીસ સ્ટેશનના થાણા ઇન્ચાર્જ અધિકારી હતા અને કિરણભાઈ પરમારના મૃત્યુ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં સૌપ્રથમ જાણ તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ ૧૫:૫૦ વાગ્યે રાહુલ રમેશભાઈ પરમાર નામના વ્યક્તિએ કરેલી, જેમાં અજાણ્યા માણસો સાથેની મારામારીમાં મૃત્યુ થયાની હકીકત જણાવવામાં આવેલી હતી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, જો કોઈ વ્યક્તિ ઘટના સ્થળે હાજર હોવાનું જણાવે તો તેની સ્વતંત્ર પુરાવાથી ખરાઈ કરવી જોઈએ. તપાસ દરમિયાન તેઓને માલુમ પડેલ કે ગુજરનાર કિરણભાઈ અને સાહેદ જયદીપભાઈ આઈ.ટી.આઈ. જસદણમાં અભ્યાસ કરતા હતા,

જેમાં બનાવના દિવસે એટલેકે તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ ગુજરનાર કિરણભાઈ કોલેજમાં ગેરહાજર હતા, જ્યારે **સાહેદ જયદીપભાઈ કોલેજમાં હાજર હતા**. તેઓએ વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે, કેસમાં સંદિગ્ધ લોકોની શોધખોળ માટે કોલ ડિટેઈલ્સ સી.ડી.આર. કઢાવેલ હતી અને **તે કોલ ડિટેઈલ્સ મુજબ બનાવના દિવસે તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ આરોપી અનિલ મનજીભાઈ મકવાણાની હાજરી ચોટીલા મુકામે હતી**, જ્યાંથી જસદણ આવતા આશરે દોઢ થી પોણા બે કલાક જેટલો સમય થાય છે. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, આ ગુનામાં જસદણ પોલીસ સ્ટેશનમાં બે અલગ-અલગ એફ.આઈ.આર. આંક-૯૪ અને ૯૫ છે અને તેમની સમગ્ર તપાસ દરમિયાન દીપક પરમાર નામનો કોઈ વ્યક્તિ આરોપી તરીકે જણાઈ આવેલ નથી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીની હાજરી અન્ય જગ્યાએ એટલેકે ચોટીલા બતાવતી હોવાથી તેમણે કોલ ડિટેઈલ્સ ચાર્જશીટ સાથે રજૂ કરેલ નથી. તેઓએ એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, પંચનામાઓ પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરાયા છે અથવા તેમાં મરણજનારના સગા-સંબંધિઓને પંચ તરીકે રાખેલા છે. આરોપી નં. ૩ ના વાલીઓએ બનાવ સમયે તેની ગેરહાજરી અંગેની અરજી કે સી.સી.ટી.વી. ફૂટેજ રજુ કરેલા હોય  અથવા તપાસમાં આરોપી અન્ય જગ્યાએ હોવાનું જણાઈ આવેલ હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ હોય તેવી તમામ હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

આમ, આ સાહેદના પુરાવાથી એવી હકીકત જણાઈ આવે છે કે, આ સાહેદ તપાસ કરનાર અમલદાર હોવા છતાં તેમની ઉલટતપાસમાં તેમણે જે હકીકતો સ્વીકારેલી છે તે ફરિયાદપક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે. આ સાહેદની જુબાનીમાં શરૂઆતની માહિતી અંગે તેમજ મુખ્ય સાહેદની બનાવ સ્થળે હાજરી તેમજ આરોપીના લોકેશન તથા બે અલગ એફ.આઈ.આર. જેવી બાબતોમાં વિરોધાભાસ જોવા મળે છે. તેથી તપાસ સંપુર્ણ વિશ્વસનીય રીતે થયેલ હોવાનું જણાઈ આવતુ નથી.

**Tabulated Charts as per direction given by Hon'ble SUPREME COURT OF INDIA in CRIMINAL APPEAL NO(S). 2973 of 2023, MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT)**

**....APPELLANT(S) VERSUS STATE OF GUJARAT ....RESPONDENT(S), DECIDEC ON**–15/12/2025

## Chart for Witnesses Examined

| Prosec-ution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૦૧ | અશોકભાઈ પીઠાભાઈ બથવારની જુબાની | મરણજનારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ |
| ૦૨ | ડો. જેની હિતેષભાઈ ગોરવાડીયાની જુબાની | મેડીકલ ઓફીસર– મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર |
| ૦૩ | રમેશભાઈ ગોરધનભાઈ પરમારની જુબાની | બનાવની ફરિયાદ આપનાર **ફરિયાદી**– મરણજનારના પિતા |
| ૦૪ | કાળુભાઈ નનકુભાઈ ખાચરની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચ |
| ૦૫ | દીલીપભાઈ હરજીભાઈ મજીકીયાની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચ |
| ૦૬ | પરેશભાઈ બાબુલાલ ચાવડાની જુબાની | એફ.એસ.એલ. અધિકારી |
| ૦૭ | જયદીપ અનીલભાઈ પરમારની જુબાની | સાહેદ |
| ૦૮ | ખીહરસિંહ રામસિંહ રાવતની જુબાની | ત.ક. અમલદાર |

## Chart for Exhibited Documents

| **Exhibit No.** | **Description of the Exhibit** | **Proved by/Attested by** |
|---|---|---|
| **૪૧** | થી ઈન્કવેસ્ટ પંચનામુ | PW–1 |
| **૬૨** | થી મરણજનારનું પી.એમ. કરવા માટેની અસલ યાદી | PW–2 |
| **૬૩** | થી મરણોત્તર ફોર્મની નકલ | PW–2 |
| **૬૪** | થી અસલ પી.એમ. નોટ | PW–2 |

| | | |
|---|---|---|
| ૬૯ | થી અસલ ફરિયાદ | PW–3 |
| ૭૪ | થી ડિસ્કવરી પંચનામુ | |
| ૭૭ | થી સ્થળ પરીક્ષણ રીપોર્ટ | PW–6 |
| ૮૦ | થી ગુનો રજીસ્ટર કરવા અંગેની ચાદી | PW–8 |
| ૮૧ | થી તપાસ સોંપણીનો ડેપ્યુટ હુકમ | PW–8 |
| ૮૨ | થી સ્થાનિક જગ્યાનું પંચનામુ | PW–8 |
| ૮૩ | થી આરોપી સંજયભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ | PW–8 |
| ૮૪, ૮૫ | થી ઝડતી પંચનામાઓ | PW–8 |
| ૮૬ | થી આરોપી કીરણભાઈ ભીખાભાઈ મકવાણાને અટક કર્યાનું પંચનામુ | PW–8 |
| ૮૭ | થી આરોપી અનીલભાઈ મકવાણાની અટક કર્યાની જાણ કર્યાનું પંચનામુ | PW–8 |
| ૮૮ | થી આરોપી કીરણ ભીખાભાઈ મકવાણાની અટક કર્યાની જાણ કર્યાનું પંચનામુ | PW–8 |
| ૮૯, ૯૦ | થી આરોપીઓના લોહીના નમુના લેવા માટે કરેલ ચાદી | PW–8 |
| ૯૧ | થી મુદ્દામાલ રવાનગી પત્ર | PW–8 |
| ૯૨ | થી મુદ્દામાલ એફ.એસ.એલ. રાજકોટને મળી ગયા અંગેની પહોંચ | PW–8 |
| ૯૩ | થી સીરોલોજી રીપોર્ટ | PW–8 |

## Chart for Material Objects/Muddamals ::–

| Material Object No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| ૦૧ | એક સફેદ પીળા વાદળી કલરનો આખી બાંચનો લોહીથી ભીનો શર્ટ તથા એક બ્લુ કલરનું જીન્સનું પેન્ટ લોહીના ડાઘા વાળુ | PW–8 |
| ૦૨ | લોહી વાળુ કોટન થ્રેડ–૨ , કન્ટ્રોલ સેમ્પલ–૨ | PW–8 |
| ૦૩ | એક ક્રીમ કલરનો પેટર્ન વાળો મેલા જેવો આખી બાંચનો શર્ટ તથા બ્લેક કલરનું જીન્સનું પેન્ટ | PW–8 |

| | | |
|---|---|---|
| ૦૪ | એક દુધીયા કલરનો ફુલની ડીઝાઈન વાળો મેલા જેવો આખી બાંયનો શર્ટ તથા બ્લુ કલરનું જીન્સનું પેન્ટ ઢીંચણથી તુટેલુ મેલા જેવું | PW−8 |
| ૦૫ | એક લોખંડના ધારદાર પાનાવાળી છરી લીલા કલરના પ્લાસ્ટીકના હાથા વાળી જેના પાનાની લંબાઈ ૧૫ સે.મી. તથા હાથાની લંબાઈ આશરે ૦૯ સે.મી. | PW−8 |

## (૨૦) પુરાવાનું મુલ્યાંકન:−

આમ, આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરતા જણાઈ આવે છે કે, આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવલા સાહેદ PW−3 ફરિયાદી રમેશભાઈ ગોરધનભાઈ પરમારના આંક−૬૮ ના પુરાવાથી એવી હકીકતો જણાઈ આવે છે કે આ સાહેદ મરણજનારના પિતા છે અને બનાવની ફરિયાદ આપનાર ફરિયાદપક્ષના મહત્વના સાહેદ છે અને ખુદ ફરિયાદી છે. આ સાહેદની જુબાની જોતા જણાઈ આવે છે કે, તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી પરંતુ હીયર−સે સાહેદ છે. કારણ કે તેમણે પોતે સ્વીકારેલ છે કે બનાવ સમયે તેઓ સ્થળ પર હાજર નહોતા અને સમગ્ર બનાવ અંગે તેમને વાતો વાતથી જાણ થયેલી. વધુમાં તેમને ફોન કોણે કરેલો અને ચોક્કસ માહિતી કોની પાસેથી મળેલી તે અંગેની પણ કોઈ સ્પષ્ટતા તેઓઓ પોતાની જુબાનીમાં આપી શકેલા નથી. વધુમાં, તેમણે કોર્ટમાં ફરિયાદપક્ષના કેસની મહત્વની અને મુખ્ય હકીકતો અને આક્ષેપોને સમર્થન આપેલ નથી અને તેથી પ્રથમ તેમને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. પરંતુ ત્યારબાદ ઉલટતપાસમાં તેમણે પોતાની ફરિયાદમાં લખાવેલ કેટલીક હકીકતો જેમ કે અગાઉ ધમકી આપેલી તેમજ આરોપી દ્વારા છરીનો ઘા મારવામાં આવેલો હોવાની બાબતો સ્વીકારેલ છે. પરંતુ આવી હકીકતોનો સ્વીકાર કરેલ હોવા છતાં પણ તે માત્ર તેમની લેખિત ફરિયાદના આધારે તેઓ સ્વીકારે છે તેવું જણાઈ આવે છે, કારણકે તેમણે પોતે જ જણાવેલ છે કે તેમને આ હકીકતોની કોઈ અંગત જાતમાહિતી નથી અને એફ.આઈ.આર.માં શું લખાવેલુ તે પણ તેમને યાદ નથી તેમજ

પોલીસે તૈયાર કરેલા કાગળોમાં સહી કરી હોવાનો સ્વીકાર કરેલો છે. તે સંજોગોમાં તેમની ઉલટતપાસમાં સ્વીકારેલી હકીકતોને આધારરૂપ વિશ્વસનિય પુરાવા તરીકે માન્ય ગણી શકાય નહીં. તે સંજોગોમાં આ સાહેદની જુબાની ફરિયાદપક્ષને ખાસ મદદરૂપ બનતી હોવાનું જણાઈ આવતુ નથી, ઉલ્ટાનું આ સાહેદની જુબાની શંકા ઉભી કરતી હોવાનું જણાઈ આવે છે. તેજ રીતે ફરિયાદપક્ષ તરફે તપાસેલા PW-1 પંચસાહેદ અશોકભાઈ પીઠાભાઈ બથવારના આંક-૪૦ ના પુરાવાથી એવી હકીકતો બહાર આવે છે કે, તેઓને પોલીસે હોસ્પિટલે બોલાવેલા હતા અને લાશ ઉપર એક ઘા જોવા મળેલો તથા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ ઉલટતપાસમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, મોટી સંખ્યામાં લોકો ભેગા હતા. પી.એમ. રૂમમાં કોણ હાજર હતું તેની ચોક્કસ તેમને જાણ નથી. તેમજ એ હકીકત પણ જણાવેલ છે કે તમામ કાગળો પોલીસે તૈયાર કરેલા હતા અને તેમણે માત્ર તેમાં સહી કરેલી. આથી સ્પષ્ટ થાય છે કે પંચનામાની હકીકતો અંગે તેમને કોઈ અંગત જાણકારી નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તેમ નથી. વધુમાં PW-4 પંચસાહેદ કાળુભાઈ નનકુભાઈ ખાચરને આંક-૭૩ તેમજ PW-5 પંચસાહેદ દીલીપભાઈ હરજીભાઈ મજીકીયાને આંક-૭૫ થી તપાસેલા છે આ બન્ને સાહેદો ડિસ્કવરી પંચનામાના પંચસાહેદો છે અને તેઓએ પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે તે સંજોગોમાં ડિસ્કવરી પંચનામુ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેજ રીતે PW-6 સાહેદ પરેશભાઈ બાબુલાલ ચાવડાના આંક-૭૬ ના પુરાવામાં એવી હકીકત જણાઈ આવે છે કે, તેઓએ બનાવના સ્થળે જઈ પરીક્ષણ કરી લોહી જેવા દેખાતા ડાઘાઓમાંથી નમુનાઓ લેવડાવેલા હોવાની હકીકત જણાવી અને તે અંગે તેમણે રીપોર્ટ તૈયાર કરેલાની હકીકત જણાવેલ છે. જેથી સ્થળ પર કોઈ બનાવ બનેલો હોવાનું જણાઈ આવે છે. પરંતુ આ સાહેદે પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે સ્થળ જાહેર રોડ હતો અને આ જગ્યા કોઈ રીતે કોર્ડન કરવામાં આવેલ નહોતી, તે સંજોગોમાં તે સ્થળ પર અન્ય કોઈના લોહી કે અન્ય કોઈ પદાર્થ ભળી જવાની શક્યતા નકારી શકાય તેમ નથી. વધુમાં, આ સાહેદ પોતાની

જુબાનીમાં આરોપીઓની ઓળખ કે બનાવ કેવીરીતે બનેલો કે કોણે ઈજા કરેલી તે બાબતે કંઈ જણાવતા નથી. આથી આ સાહેદની જુબાની પરિસ્થિતિજન્ય પુરાવા તરીકે ફરિયાદપક્ષને થોડે ઘણે અંશે મદદરૂપ થાય છે પરંતુ તેમાંથી આરોપીઓની ગુનામાં સીધી સંડોવણી નિઃશંકપણે પુરવાર થતી નથી. તેજ રીતે PW–7 સાહેદ જયદિપભાઈ અનીલભાઈ પરમારના આંક–૭૮ ના પુરાવામાં એવી હકીકત જણાઈ આવે છે કે, આ સાહેદ પણ ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર સાહેદ છે. ફરિયાદપક્ષે આ સાહેદની જુબાની પર મહદઅંશે આધાર રાખેલ છે પરંતુ આ સાહેદની કોર્ટ સમક્ષ આપેલી વિગતવારની જુબાની અને પોલીસ સમક્ષ આપેલા નિવેદન વચ્ચે ગંભીર વિસંગતતાઓ જોવા મળે છે. આ સાહેદની જુબાનીમાં બનાવની મુખ્ય ઘટનાઓ જેવી કે કીરણને આઈ.ટી.આઈ.થી લેવા જવાની હકીકત કે રસ્તામાં બોલાચાલી થયેલી, ત્યારબાદ સમાધાન માટે બોલાવેલા, તેમનો પીછો કરેલો, ત્યારબાદ મરણજનાર ઉપર તેમજ સાહેદના પોતાના ઉપર છરીથી હુમલો કરેલો, આ હુમલામાં તેમને પોતાને પણ ઈજા થયેલી, આ સાહેદ પોતે છરી ઝુંટવી ને ઘેર ભાગી ગયેલા તેવી કોઈ જ હકીકતો તેમણે પોલીસ નિવેદનમાં લખાવેલી જ નથી અને કોર્ટમાં પ્રથમ વખતજ જણાવી રહેલા છે જે દર્શાવે છે કે, કોર્ટમાં તેઓએ બનાવને વધારીને રજુ કરેલ છે એટલેકે ઈમ્પ્રુવમેન્ટ કરેલ છે. વધુમાં, આ સાહેદે પોતે બનાવ નજરે જોનાર સાહેદ હોવા છતાં ગુનામાં વપરાયેલ હથિયાર મુદામાલ છરીને ઓળખી બતાવેલ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતા આ સાહેદની જુબાની સંપુર્ણપણે વિશ્વસનીય હોવાનું જણાઈ આવતુ નથી. તેજ રીતે PW–8 ત.ક.અ. સાહેદ ખીહરસિંહ રામસિંહ રાવતના આંક–૭૯ ના પુરાવાથી એવી હકીકત જણાઈ આવે છે કે તેઓએ તેમની ફરજના ભાગરૂપે તપાસની કામગીરી કરેલી છે અને આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે. પરંતુ આ સાહેદે આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં જે હકીકતો સ્વીકારેલ છે તે ફરિયાદપક્ષના કેસની મુળ હકીકતને શંકાસ્પદ બનાવે છે. જેમ કે બનાવ અંગેની શરૂઆતની માહિતી અજાણ્યા માણસો સાથેની મારામારી તરીકે નોંધાયેલી છે તેવી હકીકત જણાવેલ છે પરંતુ ત્યારબાદ આરોપીઓને ગુના સાથે સ્પષ્ટ રીતે જોડતી

ફરિયાદ દાખલ થયેલ છે જે બન્ને હકીકતો એકબીજા સાથે સુસંગત નથી. વધુમાં, આ કામે મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદ જયદીપભાઈ બનાવના દિવસે કોલેજમાં હાજર હતા તેવી હકીકત ખુદ તપાસ અધિકારીએ સ્વીકારેલ છે, જેનાથી તે સાહેદની હાજરી બનાવવાળી જગ્યાએ હોવાની હકીકતને શંકાસ્પદ બનાવે છે. વધુમાં કોલ ડિટેઈલ્સ મુજબ આરોપી અનિલ મકવાણા બનાવના સમયે ચોટીલા ખાતે હતો અને ત્યાંથી જસદણ આવવામાં પણ ઘણો સમય લાગે છે, જે હકીકત તેની હાજરી ઘટનાસ્થળે હોવા અંગે ગંભીર શંકા ઉભી કરે છે. વધુમાં, એક જ બનાવ માટે બે અલગ અલગ એફ.આઈ.આર. નોંધાયેલી છે તે હકીકત પણ તપાસ સામે પ્રશ્નાર્થ ઉભો કરે છે. વધુમાં તપાસ દરમિયાન દીપક પરમાર નામનો વ્યક્તિ આરોપી તરીકે સામે આવેલ નથી, જયારે અન્ય સાહેદોએ જુબાનીમાં તેનો ઉલ્લેખ કરેલો છે, જે હકીકતનો ફરિયાદપક્ષના કેસની હકીકત સાથે મેળ ખાતો નથી. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં જણાઈ આવે છે કે, તપાસમાં મહત્વપૂર્ણ મુદ્ધાઓની યોગ્ય અને નિષ્પક્ષ ચકાસણી કરી તપાસ કરવામાં આવેલી નથી. આમ, પરિસ્થિતિજન્ય પુરાવાઓથી જ પ્રોસિક્યુશનના કેસમાં શંકા ઉભી થાય છે, જેના કારણે આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી હોવાનું જણાઈ આવતુ નથી.

આમ આ ઉપરોક્ત તપાસેલા તમામ સાહેદોની જુબાનીને એક સાથે જોતા એવી હકીકત જણાઈ આવે છે કે, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરી શકેલ નથી. આ કામે મુખ્ય સાહેદ ફરિયાદી પોતે બનાવ નજરે જોનાર સાહેદ નથી અને તેમની જાણકારી માત્ર સાંભળેલી વાતો પર આધારિત છે. ફરિયાદી કોર્ટમાં પોતાના જ આક્ષેપોને સમર્થન આપેલ નથી અને પછી ઉલટતપાસમાં જે હકીકત સ્વીકારેલ છે તે પણ પોતાની વ્યક્તિગત જાણકારીના આધારે જણાવેલ નથી તેથી વિશ્વાસપાત્ર ગણાવી શકાય એમ નથી. પંચસાહેદોએ પોતાની જુબાનીમાં માત્ર સહી ઓળખી બતાવેલ છે, પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી કે તે અંગે તેમને કોઈ અંગત જાતમાહિતી નથી. જેના કારણે પંચનામાની હકીકતો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ડિસ્કવરી પંચનામા સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને પંચનામાની

હકીકતને સમર્થન આપતા નથી. એફ.એસ.એલ.ના સાહેદ માત્ર સ્થળ પરથી નમુનાઓ લેવડાવેલા હોવાની હકીકત જણાવે છે. પરંતુ સ્થળ જાહેર જગ્યા એટલેકે જાહેર રોડ હોવાથી અને કોર્ડન કરાયેલ ન હોવાથી લીધેલા નમુનાઓની શુદ્ધતા પર પણ શંકા ઉભી થાય છે અને તે સંજોગોમાં આ સાહેદના પુરાવાથી આરોપીઓની ગુનામાં સીધી સંડોવણી સાબીત થતી નથી. વધુમાં આ કામે એકમાત્ર નજરે જોનાર સાહેદ જયદીપભાઈની જુબાનીમાં પોલીસ નિવેદન અને કોર્ટની જુબાની વચ્ચે વિસંગતતાઓ અને નવી હકીકતોનો ઉમેરો કરેલ જોવા મળે છે. આ સાહેદ મુદ્દામાલ હથિયાર પણ ઓળખી બતાવતા નથી જેના કારણે તેમની જુબાની પર સંપૂર્ણ વિશ્વાસ રાખી શકાય તેમ નથી. તપાસ અધિકારીની ઉલટતપાસમાંથી પણ કેસમાં ઘણી ખામીઓ બહાર આવે છે. શરૂઆતની ગુના અંગેની માહિતી અને બાદ થયેલી ફરિયાદ વચ્ચે મેળ ખાતો નથી. આ સાહેદની જુબાની પરથી મહત્વના બનાવ નજરે જોનાર સાહેદની બનાવ સ્થળે હાજરી શંકાસ્પદ જણાય છે. કોલ ડિટેઈલ્સથી આરોપી પણ અન્ય જગ્યાએ હાજર હોવાનું જણાય છે. એક જ બનાવ માટે બે અલગ એફ.આઈ.આર. શંકા ઉપજાવે છે. આ તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવાઓમાં સતત શંકા, ખામી અને વિસંગતતા જોવા મળે છે, જેથી આરોપીઓ વિરુદ્ધ આરોપો નિઃશંકપણે પુરવાર કરી શકેલાનું જણાતું નથી.

વધુમાં, તપાસ અધિકારીની જુબાની તેમજ આઈ.ટી.આઈ.ના હાજરી રજીસ્ટર પરથી એવી હકીકત બહાર આવે છે કે બનાવના દિવસે જયદીપ આખો દિવસ આઈ.ટી.આઈ.માં હાજર હતો. તે સંજોગોમાં આ સાહેદની ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ સમયે ઘટના સ્થળે હાજરી હોવાની હકીકત થી વિરૂદ્ધની હકીકત છે. વધુમાં જયદીપ પોતે જણાવે છે કે ગુજરનાર કીરણ આઈ.ટી.આઈ.માં હતો અને તે તેને લઈને બહાર ગયો હતો, જ્યારે રેકર્ડ મુજબ ગુજરનારની હાજરી આઈ.ટી.આઈ.માં હોવાનું જણાઈ આવતુ નથી જે એક મહત્વનો વિરોધાભાસ છે. વધુમાં ફરિયાદીની જુબાની ધ્યાને લેતા પણ અનેક શંકાસ્પદ હકીકતો જણાઈ આવે છે . ફરિયાદી પોતે સ્વીકાર કરે છે કે બનાવના ત્રણ દિવસ પહેલા થી તે બોટાદ ખાતે હતા અને પોતાના દીકરાને મળેલા નહોતા, છતાં ફરિયાદમાં બે દિવસ પહેલા દિકરા સાથે ધમકી

અંગે થયેલી વાતચીત અંગેની હકીકત તેમની જુબાનીમાં ઉમેરવામાં આવેલી છે. વધુમાં, સ્ટેશન ડાયરીને યોગ્ય રીતે આંક આપવામાં આવેલ નથી, જેથી તેને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી પરંતુ તેની સાથે સંબંધિત તપાસ પરથી પણ ઉપરોક્ત વિરોધાભાસ સ્પષ્ટ  જણાઈ છે. આરોપીઓની ગુનામાં ભુમિકાને જોતા, આરોપી નં.૨ ઉપર છરી મારવાનો મુખ્ય આરોપ છે અને આરોપી નં.૧ ઉપર મારપીટ તથા ધમકીનો આરોપ છે, પરંતુ આરોપી નં.૩ સામે ફરિયાદી તથા જયદીપની જુબાનીમાંથી કોઈ સ્પષ્ટ અને ચોક્કસ ભાગ ભજવેલ હોય તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. વધુમાં, સાહેદ જયદીપે જણાવેલી હકીકત મુજબ તેને છરી મારવા જતા તેણે છરી પકડી લીધેલી અને છરી પોતાના હાથમાં લઈ ત્યાંથી ભાગી ગયેલો છે, તો તે સંજોગોમાં હથિયારની રિકવરી પુરવાર થતી નથી. ડિસ્કવરી પંચનામાના પંચસાહેદો હોસ્ટાઈલ થઈ જતા આ ડિસ્કવરી વિશ્વસનીય રીતે પુરવાર થઈ શકતી નથી અને મુદામાલ છરીના કબજા બાબતે પણ શંકા ઊભી થાય છે. વધુમાં સાહેદ જયદીપ તેમના પુરાવા મુજબ બનાવના સ્થળથી સીધો હોસ્પિટલ જાય છે તેવી હકીકત જણાવેલ છે પરંતુ આ સાહેદ જયદીપની કોઈ મેડિકલ ટ્રીટમેન્ટ થયેલ હોય તેવા મેડિકલ ટ્રીટમેન્ટ ના કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ થયેલા નથી. વધુમાં  કોલ ડીટેલ્સ મુજબ બનાવના સમયે આરોપી કીરણનું લોકેશન અન્ય સ્થળે હોવાનું જણાયેલ છે જે બનાવના સમય અને સ્થળ અંગે ફરિયાદપક્ષે દર્શાવેલ હકીકત સાથે મેળ ખાતુ નથી અને આરોપીની હાજરી અંગે પણ શંકા ઉભી કરે છે. વધુમાં સાહેદ જયદીપે પોતાની જુબાનીમાં દીપક નામના વ્યક્તિનો ઉલ્લેખ કરેલો છે, જ્યારે એફ.આઈ.આર.માં કે ફરિયાદીની જુબાનીમાં આવા કોઈ વ્યક્તિનો ઉલ્લેખ નથી.  આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં એવું સ્પષ્ટ થાય છે કે ફરિયાદપક્ષનો કેસ અનેક વિરોધાભાસો, ખામીઓ અને અસ્પષ્ટ હકીકતો પર આધારિત છે. જ્યારે કેસ મુખ્યત્વે બનાવ નજરે જોનાર સાહેદ પર આધારિત હોય, ત્યારે તે સાહેદની જુબાની સ્પષ્ટ, સચોટ અને વિશ્વસનીય હોવી આવશ્યક છે, પરંતુ હાલના કેસમાં તે બાબત પૂર્ણ થતી નથી.  વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટના R/CRIMINAL APPEAL NO. 931 of 2015 KAPILKUMAR RAMASHISH CHANDESHWAR MANDAL Versus STATE OF GUJARAT ના

ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, જયારે સાક્ષીઓની જુબાનીમાં પાયાનો વિરોધાભાસ હોય અને તેમની હાજરી કુદરતી જણાતી ન હોય, ત્યારે તેવી જુબાની સ્વતંત્ર અને સચોટ પુરાવાઓના સમર્થન વગર સજાનો આધાર બની શકે નહીં. હાલના કેસમાં ફરિયાદપક્ષે મહદઅંશે ઈજાગ્રસ્ત બનાવ નજરે જોનાર સાહેદની જુબાની આધાર રાખેલ છે, પરંતુ આ સાહેદની વિશ્વસનીયતા કાયદાથી મહત્વ ધરાવતી નથી કારણકે હાલના કેસમાં રેકર્ડ પર રહેલ આઈ.ટી.આઈ. કોલેજના હાજરીપત્રક થી સ્પષ્ટપણે એ હકીકત પુરવાર થાય છે કે બનાવ સમયે આ બનાવ નજરે જોનાર સાહેદ ગુનાના સ્થળે નહીં પરંતુ કોલેજમાં હાજર હતા. તે સંજોગોમાં ઉપરોક્ત નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ, તપાસમાં ગંભીર ખામીઓ રહેલ હોય અને પુરાવાઓની કડી તુટતી હોય ત્યારે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર છે. હાલના કેસમાં રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી એવી હકીકત પુરવાર થાય છે કે, બનાવ સમયે બનાવ નજરે જોનાર સાહેદ જયદીપ ઘટનાસ્થળને બદલે અન્ય સ્થળે હાજર હતો. આવા સંજોગોમાં જ્યારે મૌખિક જુબાની અને દસ્તાવેજી પુરાવા વચ્ચે આ પ્રકારનો ગંભીર વિરોધાભાસ આવતો હોય, ત્યારે દસ્તાવેજી પુરાવા વધુ ઠોસ અને આધારભુત ગણવા જોઈએ. નામ. ગુજરાત હાઈકોર્ટે કપિલકુમાર મંડલના કેસમાં ઠરાવ્યા મુજબ શંકાસ્પદ અને 'ટ્યુટર' કરેલા સાક્ષીઓના આધારે કોઈ વ્યક્તિની સ્વતંત્રતાનો હક્ક છીનવી શકાય નહીં અને શંકાનો લાભ આરોપીને મળવો ન્યાયના હિતમાં અનિવાર્ય છે.

**(૨૧)** વધુમાં હાલના કેસમાં ફરીયાદપક્ષનો સમગ્ર કેસ બનાવ નજરે જોનાર સાહેદ જયદીપની જુબાનીમાં તેમની બનાવ સમયે હાજરી શંકાસ્પદ બની રહેતા સાંયોગિક પુરાવા પર આધારિત રહેલ છે. કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે સાંયોગિક પુરાવા આધારિત કેસમાં પુરાવાની કડી પૂર્ણ, અખંડિત અને એવી હોવી જોઈએ કે જેના આધારે એકમાત્ર નિષ્કર્ષ આરોપીની દોષિતતા જ નીકળે. પરંતુ હાલના કેસમાં એવી કોઈ અખંડિત સાંયોગિક કડી સ્થાપિત થતી નથી. બનાવ નજરે જોનાર સાહેદની હાજરી બનાવ સ્થળે સાબીત થતી નથી તેથી તેમની હાજરી શંકાસ્પદ બની રહેલ છે, કોઈ સીધા સાહેદ, કોઈ જ વિશ્વસનીય ડિસ્કવરી નથી, સાહેદ

જયદીપની જુબાની મુજબ છરી લઈને તે ભાગી ગયેલાનું જણાવેલ છે જયારે મુદ્દામાલ છરી આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ છે આ વિસંગતતા અંગે આખા કેસમાં કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી, કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી, કોઈ ટેક્નિકલ પુરાવા જેમ કે કોલ ડીટેલ્સ, રજૂ થયેલ નથી. તે સંજોગોમાં સમગ્ર કેસ માત્ર શંકા અને અનુમાન પર આધારિત છે. કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે "શંકા કેટલીય મજબૂત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકતી નથી" અને ફોજદારી કેસમાં આરોપીને દોષિત ઠેરવવા માટે પુરાવો શંકાથી પર હોવો આવશ્યક છે. હાલના કેસમાં આ માપદંડ પૂર્ણ થતો નથી.

વધુમાં હાલના કેસમાં મરણજનારનું મૃત્યુ હોમિસાઈડલ હોવાનું તબીબી પુરાવાથી સાબિત થાય છે, પરંતુ માત્ર હોમિસાઈડલ ડેથ સાબિત થવાથી આરોપીએજ મરણજનારની હત્યા કરી હોવાના નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં. ફરીયાદપક્ષ ઉપર એ કાયદેસરનો બોજો રહેલો છે કે તેઓ મજબુત, વિશ્વસનીય અને શંકારહીત પુરાવા દ્વારા એ હકીકત પુરવાર કરે કે આ હત્યા હાલના આરોપીઓએ જ કરી છે, પરંતુ ઉપરોક્ત કરવામાં ચર્ચા મુજબ સમગ્ર મૌખિક, દસ્તાવેજી તથા સાયન્ટીફીક પુરાવાના મૂલ્યાંકન પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે આરોપીઓને ગુના સાથે સીધી રીતે જોડે તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેથી, માત્ર મરણજનારનું મૃત્યુ હોમિસાઈડલ હોવાના આધારે આરોપીઓને દોષિત ઠેરવી શકાય નહીં.

વધુમાં આ કામે બચાવપક્ષ તરફે તેમની દલીલોના સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કરી તેના ઉપર આધાર રાખવામાં આવેલ છે. આ ચુકાદાઓ અત્રેની કોર્ટ દ્વારા માનસહ વંચાણે લેતા પ્રસ્તુત ચુકાદા, તેની હકીકત તથા તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત સાથે હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને લેતા પ્રસ્તુત ચુકાદા અરજદાર/આરોપીના કેસને મદદરૂપ બનતા હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

ઉપરોક્ત સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાઈ આવે છે હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ આઈ.પી.સી. કલમ–૩૦૨ મુજબ હત્યાના ગુનાનો આક્ષેપ કરેલો છે, પરંતુ રેકોર્ડ પર રજુ થયેલ સમગ્ર મૌખિક, દસ્તાવેજી તથા વૈજ્ઞાનિક પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં જણાઈ આવે છે કે, આ કામના આરોપી નં–(૧) અનીલ ઉર્ફે ડી મનુભાઈ મકવાણા, આરોપી નં–(૨) કિરણ ભિખુભાઈ મકવાણા તથા આરોપી નં–(૩) સંજય લખુભાઈ મકવાણા રહે. તમામ જસદણ વાળાઓએ અગાઉ દિવાળી તથા ઉત્તરાયણના તહેવારો દરમિયાન થયેલ બોલાચાલી અને ગાળાગાળીના મનદુઃખનું વેર રાખી, બનાવના બે દિવસ પૂર્વે આરોપી નં–(૩) એ ફરિયાદીના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને તે ધમકીને અંજામ આપવાના બદઈરાદે તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ બપોરના કલાક ૧૫–૫૦ ના અરસામાં લોહીયાનગર જવાના રસ્તા પાસે આવેલ આંબેડકરનગરના બોર્ડ લગાડેલ સિમેન્ટના ઓટા પાસે પૂર્વ આયોજીત ગુન્હાહીત કાવતરું રચી, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ગેરકાયદે મંડળી રચી, સાહેદ જયદીપ અનીલભાઈ પરમારને ભૂંડી ગાળો આપી શરીરે ઢીકા–પાટુનો મુંઢ માર મારી તેમજ ફરિયાદીના દિકરા અને ભોગબનનાર કિરણ ઉર્ફે જીનીયાને પકડી રાખી આરોપી નં–(૨) એ પોતાના હાથમાંના ધારદાર હથિયાર છરી વડે ભોગબનનારને પીઠની પાછળ જમણી બાજુ વાંસાના ભાગે જીવલેણ ઘા મારી, શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું મોત નીપજાવી, એકબીજાની મદદગારીમાં રહી ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબ ગુનો આરોપીઓ વિરુદ્ધ શંકા થી પર રીતે પુરવાર થતો નથી. વધુમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પોલીસ એક્ટ, કલમ–૧૩૫ મુજબ ગુનો આક્ષેપિત કર્યો છે, પરંતુ આ કલમ હેઠળ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એ સાબિત કરવું જરૂરી છે કે બનાવના દિવસે સંબંધિત વિસ્તારમાં માન્ય અને અમલમાં રહેલું જાહેરનામું હાજર હતું, આરોપીઓને તેની જાણ હતી અને તેમ છતાં તેમણે તે જાહેરનામાના ભંગમાં પ્રતિબંધિત હથિયાર પોતાના કબજામાં રાખ્યું હતું. હાલના કેસમાં ફરીયાદપક્ષ દ્વારા એવો કોઈ વિશ્વસનીય અને સ્વતંત્ર પુરાવો રજુ કરવામાં

આવેલ નથી કે જેનાથી એ સાબિત થાય કે બનાવના દિવસે માન્ય જાહેરનામું અમલમાં હતું તથા આરોપીઓને તેની જાણ હતી. વધુમાં, હથિયારના કબજા અંગે તમામ પંચસાહેદો ફરી ગયેલા હોવાથી હથિયાર આરોપીઓના જ કબજા માંથી મળ્યું હોવાનું વિશ્વસનીય રીતે પુરવાર થતું નથી. હથિયાર કબજે કરવાની તથા સીલિંગ અંગેની પ્રક્રિયાને પણ સ્વતંત્ર પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વધુમાં જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો ગુનો સાબિત કરવા માટે માત્ર બનાવ બનેલો એટલું પૂરતું નથી, પરંતુ આરોપીઓએ કોઈ જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવો સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો હોવો જરૂરી છે. હાલના કેસમાં એવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ખાસ કરીને હથિયાર સંબંધે સાહેદ જયદીપે પોતાની સોગંદ પરની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી પાસેની છરી તેણે પકડી લીધી અને તે લઈને પોતે જ ત્યાંથી ભાગી ગયો. તો આવી સ્થિતિમાં પછી એ જ છરીની ડિસ્કવરી આરોપી પાસેથી કેવી રીતે થઈ તે બાબત સ્વાભાવિક રીતે શંકાસ્પદ બને છે. વધુમાં, મુદ્દામાલ છરી કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો પોતે જ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે, એટલે હથિયાર કબજે કર્યાનું પંચનામુ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં હથિયારની રિકવરી–ડિસ્કવરી પોતેજ શંકાસ્પદ છે. વધુમાં મહત્વની બાબત એ છે કે ગુનામાં હથિયારનો ઉપયોગ થયો હતો તે હકીકત મેડિકલ પુરાવા, પોસ્ટમોર્ટમ નોટ, ઈન્કવેસ્ટ પંચનામા થી સ્પષ્ટ રીતે સાબિત થાય છે. પરંતુ જી.પી. એક્ટની કલમ–૧૩૫ હેઠળ ગુનો સાબિત કરવા માટે સંબંધિત વિસ્તારમાં અમલમાં રહેલું હથિયારબંધીનું જાહેરનામું રેકર્ડ પર રજૂ થવું આવશ્યક છે અને તે જાહેરનામાનો ભંગ થયો હોવાનું પુરવાર થવું જરૂરી તત્વ છે. હાલના કેસમાં ગુનામાં વપરાયેલ છરી બાબતે કોઈ હથિયારબંધીનું જાહેરનામું રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી. હથિયાર આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ છે તે બાબત પુરવાર થતી નથી તે સંજોગોમાં જી.પી.એક્ટ કલમ–૧૩૫ના આવશ્યક તત્ત્વો પુરા થતા નથી તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ **જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબનો ગુનો પણ પુરવાર કરી શકેલ નથી.

**(૨૨)** આમ, ઉપરોક્ત કરેલ વિગતવાર ચર્ચાના અંતે તેમજ ફરિયાદપક્ષે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતાં આ કોર્ટ એવા અંતિમ નિષ્કર્ષ પર આવે છે કે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધ આક્ષેપિત ગુનો નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા અને પુરાવાનું મુલ્યાંકન ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધ આંક–૩૬ મુજબના તહોમતનામા મુજબના આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં **મુદ્દા નં.૨ અને ૩** નો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં.૪** અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>:: હુ ક મ ::</u>

/૧/ આ કામે **આરોપી નં. ૧. અનીલભાઈ મનજીભાઈ મકવાણા,** ઉ.વ.૨૦, રહે. લોહીયાનગર બેઠાપુલ પાસે, ધુધલ છાત્રાલય પાસે, જસદણ, **આરોપી નં. ૨. કીરણભાઈ ભીખાભાઈ મકવાણા,** ઉ.વ.૧૯, રહે. લાતી પ્લોટ, જસદણ તેમજ **આરોપી નં. ૩. સંજયભાઈ લખમણભાઈ મકવાણા,** ઉ.વ.૨૪, રહે. લોહીયાનગર પ્રાથમીક શાળા પાસે, જસદણ વાળાઓને તેમની વિરૂદ્ધના **ભારતીય દંડ સંહિતાની કલમ –<u>૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫</u>** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧)** અન્વયે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

/૨/ આ કામના **આરોપી નં.૨ કીરણભાઈ ભીખાભાઈ મકવાણા,** ઉ.વ.૧૯, રહે. લાતી પ્લોટ, જસદણ વાળા હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં, જિલ્લા જેલ રાજકોટ ખાતે જેલમાં હોય તેમની અન્ય ગુનાના કામમાં જરૂરીયાત ન હોય તો આ આદેશ અન્વયે હાલના ગુનાના કામે તાત્કાલીક જેલ મુક્ત કરવા હુકમ કરવામાં આવે છે.

/૩/ આ કામના પ્રત્યેક આરોપીઓએ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧** [ક્રિમી.પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)] અન્વયે

રૂ૦ ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના  જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો સાત દિવસમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**/૪/** આ કામે કબજે કરવામાં આવેલ તમામ બિન કિંમતી મુદ્દામાલ નો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તા.**૦૨જી,** માહે–**મે,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા.૦૨/૦૫/૨૦૨૬**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ચોથા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)